# જાગૃતિ સંદેશ

## JAGRUTI SANDESH

Price : 5/-
Total Page : 32 Monthly

Vol 19 Issue No. 10 - Mumbai OCTOBER-2019

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર



શુભ દીપાવલી

નૂતન વર્ષાભિનંદન

સંવત ૨૦૭૬



Amazing Thailand
₹
27,999/- PP
FOR 5 DAYS
Everyday in September 2019
INCLUSIONS :
RETURN AIRFARE, ACCOMMODATION, TRANSFERS
SIGHTSEEING FREE VISA ON ARRIVAL..!!!
Magical Maldives
₹
69,999/- PP
FOR 5 DAYS
DEPARTURE DATE
OCTOBER - 29TH
INCLUSIONS : RETURN AIRFARE, 5*ACCOMMODATION, TRANSFERS & ALL MEALS.
Dazzling Turkey
₹
1,44,999/- PP
FOR 10 DAYS
DEPARTURE DATE
OCTOBER- 29TH
Tour with Indian Maharaj
PURE VEG / JAIN MEALS PREPARED BY Rajasthani CHEF
INCLUSIONS : RETURN AIRFARE, 5* ACCOMMODATION, TRANSFERS, INTERNAL AIRFARE, ALL MEALS & VISA.
Eastern Europe
₹
1,59,999/- PP
FOR 9 DAYS
DEPARTURE DATES
OCT - 21ST, 29TH & NOV - 06TH
Tour with Indian Maharaj
PURE VEG / JAIN MEALS PREPARED BY Rajasthani CHEF
INCLUSIONS : RETURN AIRFARE, 4* ACCOMMODATION, TRANSFERS, SIGHTSEEING, ALL MEALS & VISA.
INTERNATIONAL
Also Explore
DOMESTIC
Srilanka 06 Nights 35,999/- PP
Dubai 05 Nights 41,999/- PP
Singapore 03 Nights 44,444/- PP
Croatia 05 Nights 71,999/- PP
EMI Option Available
Kerala 06 Nights 31,999/- PP
Andaman 06 Nights 34,999/- PP
Mysore Ooty Coorg 07 Nights 38,399/- PP
Meghalaya Assam 11 Nights 72,500/- PP
CLASSIC HOLIDAYS
Call US
022 - 4088 8888
RAHUL DOSHI - 99309 44453
BRIJESH PAREKH - 998 772 0222
VISA SERVICES
Our Offices : Opera House | Kalbadevi | Borivali | Andheri | Ahmedabad | Surat | Delhi
Advt

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, ગરવારે પૉલિસ્ટરની નજીક, એક્સિસ બૅન્કની ઉપર વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.
ફોનઃ ૦૨૨-૬૬૯૭૩૦૩૮/૦૨૨-૬૬૯૫૬૬૯૯
Website: www.jainjagruti.com
E-mail: admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : શ્રી ચંદ્રકાંત એફ. શાહ

**કૅબિનેટ કમિટી ૨૦૧૮-૨૦૧૯**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી અનિલ જી. દોશી |
| | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી સુનીલ પી. શાહ |
| ખજાનચી | : શ્રી રાજેશ સી. ગાંધી |
| | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન/અનુદાન ટ્રસ્ટી | : શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન / ટ્રસ્ટી | : શ્રી રમેશ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી / ટ્રસ્ટી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી / ટ્રસ્ટી | : શ્રી અમિત ડી. કોઠારી |
| ખજાનચી / ટ્રસ્ટી | : શ્રી હસમુખ કે. દેઢિયા |

(અનુદાન ટ્રસ્ટી)
શ્રી પ્રવીણ જી. શાહ, શ્રી કમલેશ સી. શાહ

કાયમી ટ્રસ્ટી : શ્રી હર્ષદ જે. ગાંધી

(ટ્રસ્ટીઓ)

| | |
|---|---|
| શ્રી અનિલ જી. દોશી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી રાજેશ આર. ભણસાલી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી ધર્મેશ એસ. જૈન |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

આમંત્રિત

| | |
|---|---|
| શ્રી દિનેશ વ્હી. શાહ | શ્રી કીર્તિ કે. શાહ |
| શ્રી કિરણ એચ. શાહ | શ્રી મુકેશ સી. શાહ |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી મહેંદ્ર પી. શાહ |
| શ્રી ઉદય ડી. સંઘવી | શ્રી રમેશ જી. લાખાણી |

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.**
**કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**

**છૂટક મૂલ્ય રૂ.૫/- વાર્ષિક લવાજમ રૂ.૫૦/-**


## Message From The CHAIRMAN.....



મારા સ્નેહાળ
જય જિનેન્દ્ર,

સૌથી પ્રથમ નૂતન વર્ષાભિનંદન...

સંવત ૨૦૭૬નું આગમન થઈ ચૂક્યું છે. જેજેસી-સેન્ટ્રલ બોર્ડ વતી હું આપ સર્વેને નવા વર્ષની મુબારક પાઠવું છું અને એવી આશા સેવું છું કે આ વર્ષ દરેક માટે શુભ એવમ્ ફળદાયી નીવડે. સુખ-શાંતિ જીવનમાં આવે અને કમ સે કમ મોંઘવારીથી રાહત થાય તેવી શુભેચ્છા પાઠવું છું. ભગવાનની કૃપા છે આપણા પુણ્યશાળી ભારત દેશ ઉપર કે કુદરતની આપત્તિઓ પ્રમાણમાં ઓછી ત્રાટકે છે. ભારતની સંપૂર્ણ પ્રજા પાપભીરુ છે. તેઓ પાપ-પુણ્યમાં માને છે. સત્કર્મો અને દુષ્કર્મોનો ભેદ જાણે છે. ઠીક છે, ગામ હોય ત્યાં ઉકરડા હોય અને ઉકરડા હોય ત્યાં જીવજંતુ પેદા થાય, પણ તેઓ તુરત જ નાશ પામે. ગામને કાંઈ વધારે નુકસાન ન કરી શકે તે ન્યાયે થોડા છૂટકછૂટક બનાવો બને, પણ તેનાથી વિચલિત થવાની જરૂર નથી. આવડા મોટા વિશાળ દેશમાં કાંઈ ને કાંઈ અનિચ્છનીય બનાવ બનતા જ હોય. તેને કેટલા પ્રમાણમાં ચગાવવા તે મીડિયાની નૈતિકતા પર આધારિત છે. આપણા દેશમાં મીડિયા જવાબદારી સાથે નથી વર્તતું એ હકીકત છે.

ચાતુર્માસ પરિવર્તનને ફક્ત ૧૫ દિવસ બાકી છે. દરેક ઉપાશ્રયમાંથી ચાતુર્માસ દરમિયાન બિરાજિત સાધુભગવંતો ઠાણાં-ઉઠાણાં કરવાની તૈયારી કરી રહ્યા છે. ભગવાન મહાવીરે નિરૂપેલા આદેશ પ્રમાણે જૈન સાધુએ ક્યારેય સ્થિરવાસ કરવો ન જોઈએ. કેવળી પ્રભુએ સૂક્ષ્મ માનસશાસ્ત્રનું ખૂબ જ ધ્યાન રાખેલ છે. સ્થિરવાસથી સાધુમાં માલિકીભાવ આવે. જગ્યા પર અને અનુયાયી પર મોહ ઊપજે, માયા બંધાય જેનો જૈન ધર્મમાં નિષેધ છે. તે આપણને દુર્ગતિમાં લઈ જાય. આ માટે હાલમાં પરિવર્તન શબ્દ વપરાય છે. કાર્તિક શુદ પૂનમ પરિવર્તનનો દિવસ ગણાય. આપણે જો સ્થાનપરિવર્તન કરીએ તો બે-ચાર ટ્રક જોઈએ, પણ આપણો મહાન જૈન ધર્મ દુનિયામાં સર્વે ધર્મોથી વિભિન્ન છે. સામાનમાં એક સેટ પાતરાનો અને બે જોડી કપડાં જે પોતે જ ઊંચકી શકે તેટલા સામાન સાથે વિહાર કરતા જૈન સાધુઓને જોઈને દરેક મસ્તક અપૂર્વ માનથી નમી પડે છે, નહીંતર દરેક ગુરુદેવ/સાધુમહાત્માના અનુયાયીઓ પાસે અધધધ કહી શકાય એટલી સંપત્તિ છે, પોતાના ગુરુ માટે ન્યોછાવર કરી શકે, પણ નહીં! જરૂર કરતાં એક સોય પણ વધારે નહીં રાખે તે જ જૈન સાધુ. જગતઆખું આ બાબતથી ચકિત છે!

રાજસ્થાન, ગુજરાત અને મુંબઈમાં વિશેષતઃ જૈન સાધુમહાત્માઓના કારતક શુદ પૂનમ પછી વિહાર કરતા રસ્તા પર દર્શન થશે. છેલ્લાં થોડાં વર્ષોમાં આપણે નોંધ્યું છે કે વિહાર કરતા જૈન સાધુઓ અકસ્માતના ભોગ ભારી માત્રામાં બની રહ્યા છે. આ માટે આપણે શંકા લાવીને કોઈના પર આક્ષેપ કરી કર્મ બાંધવાને બદલે સાવચેતીનાં પગલાં લેવાં જોઈએ. શાસનદેવની કૃપાથી જૈન સમાજ ખૂબ જ સુખી-સંપન્ન છે. મને સમજાતું નથી કે એક ગામથી બીજા ગામ વિહાર કરતા આપણા સાધુ માટે લાગતા-વળગતા સંઘ/ઉપાશ્રય વળાવિયા (Escort)ની વ્યવસ્થા કેમ કરતા નથી? અને અકસ્માત થયા બાદ આપણે થોડો સમય ઊહાપોહ કરીએ એટલે આપણી જવાબદારી પતી ગઈ!

જૈન જાગૃતિ સેન્ટરના પદાધિકારીઓ તથા સભ્યો આ બાબતમાં સભાન બને તેવી મારી અપીલ છે.

સમયની લસરપટીમા મારા ચેરમેનપદ ગ્રહણના બીજા બે વર્ષ પણ સરકી જશે. તેવી જ રીતે સેન્ટ્રલ બોર્ડના તેમ જ દરેક સેન્ટરના પદાધિકારીઓને બે વર્ષનો સમય પણ સરકી જશે. આપણે આત્મમંથન કરવાનો સમય આવી ગયો છે. બે વર્ષનો સમય કાંઈ નાનો ન કહેવાય. આપણે આટલી મોટી સંસ્થાના માનદ્ પદાધિકારીઓ હોઈ આપણી પાસે અપાર સંગઠિત તાકાત છે. આપણો સમાજ આપણી પાસે ઘણી જ આશા રાખે છે. આપણે શું ન કરી શકીએ? હાયર ઍજ્યુકેશન અભિયાન એનો જવાબ છે. ૨૦૦૫માં જ્યારે અનાયાસે આ પ્રોજેક્ટ શરૂ કર્યો ત્યારે ૧૦ લાખના આંકડાથી આપણને પરિતોષ થયો. આપણે ઝૂમી ઊઠ્યા, પણ સાથેસાથે સમાજની વાસ્તવિક પરિસ્થિતિમાં ઝાંખવાની આપણને તક મળી. આપણો હરખ અલોપ થઈ ગયો.

આપણો સમાજ આજના શિક્ષણનો ભારે ખર્ચો ઉઠાવી શકે તેવો સશક્ત નથી તેવું માલૂમ પડયું અને આપણે સમાજ માટે કાંઈ કરી છૂટવાના સંકલ્પમાં શિક્ષણ અભિયાનને ગૂંથી લીધું. ત્યાર બાદ આપણે સંયુક્ત રીતે પાછું વાળીને જોયું નથી. આજે વર્ષે ૭-૮ કરોડના પ્રોજેક્ટમાં કુલ ૭૦ કરોડનું વાવેતર થઈ ચૂક્યું છે, છતાં આપણને સંતોષ નથી.

સંતોષ ફક્ત એક વાતનો છે કે આ અભિયાનના પરિણામે સમાજમાં ખૂબજ મીઠાં ફળ આપતાં વૃક્ષ ઊગ્યાં છે. કેટલાય પરિવારોનાં સ્વપ્નાં ફળ્યાં છે. તેમના હૃદયમાં જેજેસી પ્રત્યે અહોભાવ પ્રગટે છે. પણ સબૂર! સાથેસાથે જૈન સમાજને જેજેસી પ્રત્યેથી આકાંક્ષા પણ વધી છે ત્યારે કવિ નર્મદનું કાવ્ય ટાંકું છુંઃ 'ડગલું ભર્યું કે ના હટવું ના હટવું!' આપણાથી હવે કોઈ કાળે પીછેહઠ થાય તેમ નથી. બસ હવે તો હાયર શિક્ષણની જ્યોત અખંડ દીવાની જેમ જલતી જ રાખવી તેવો આપણા બધાનો સંકલ્પ છે.

મારી દરેકને વિનંતી કે કોઈ પણ સભ્ય આ કાર્યમાં સમાધાન ન કરે. 'અમને પણ મોંઘવારી નડી રહી છે, ઈતરને ભણાવવા મારે શું કામ ભોગ આપવો? મને શું ફાયદો?' એવું સમાધાન કોઈએ ન કરવું જોઈએ, કારણકે આ સાધર્મિક પ્રવૃત્તિનો એક ભાગ છે અને સાધર્મિક પ્રવૃત્તિથી જ આપણે દેશમાં/દુનિયામાં ઊંચેરું સ્થાન ભોગવી રહ્યા છીએ.

આપણે જૈનો સંબંધોમાં માનીએ છીએ, સંગઠનમાં રાચીએ છીએ એટલે જ સદસ્યતા પામીએ છીએ અને તેથી જ તો સર્વાધિક પ્રગતિ-ઊર્ધ્વગતિ કરીએ છીએ, જેની નોંધ અન્ય સમાજ પણ લે છે અને આપણાં ઉદાહરણો આપે છે. માટે કોઈ કાળે પલાયનવાદી વિચાર મનમાં લાવશો નહીં. સૌનું ભલું એમાં જ આપણું ભલું છે.

યાદ રહે કે આપણે દાન કરતા નથી, પણ અન્ય ખર્ચમાંથી કરકસર કરી સત્કાર્યમાં વાળેલું રોકાણ છે. તેનું ફળ જરૂરથી મળશે જ. માટે સંકલ્પ કરો કે મારે ફૂલ નહીં તો ફૂલની પાંખડી સ્વરૂપે પણ વિદ્યાદાનના નિમિત્ત બનવું જ છે.

એક વાત યાદ રહે કે તમે આપેલા વિદ્યાદાનનું ઝરણું વરસોવરસ વહેતું જ રહેશે, કેવી રીતે? કારણ આપણા જૈનોની સંસ્કારિતા-ધાર્મિકતા-સદસ્યતા-પ્રામાણિકતા છે.

તમારા ફૂલની પાંખડી સ્વરૂપે મળેલો ફાળો જૈન વિદ્યાર્થીને નિર્વ્યાજ વિદ્યા સહાયરૂપે આપ્યા પછી એ વિદ્યાર્થી ભણીને ડિગ્રી પ્રાપ્ત કરે ને આવકના સ્રોત શરૂ થતાં જ તે બનતી ત્વરાએ એ સહાય સુવૃદ્ધિ સાથે પરત કરે છે અને તુરત જ એ રકમ અન્ય તત્કાલીન જરૂરતમંદ વિદ્યાર્થીને સહાયરૂપે મળે છે અને તમારો ફાળો ચક્રવૃદ્ધિ પામે છે અને વર્ષો સુધી આ **Cycle** ચાલુ જ રહેશે. આથી અધિક પુણ્યલાભ કયાં મળે!

સાથે સાથે જેજેસી સેન્ટ્રલ બોર્ડના સમુહ લગ્ન તા. ૧૫-૧૨-૧૯ રવિવારે રાખેલ છે. તો જે કોઈ જૈન ભાઈઓ-બહેનોને સમુહ લગનમાં જોડાવું હોય તો સેન્ટ્રલ બોર્ડની ઑફિસમાં સંપર્ક કરવા મારી નમ્ર વિનંતી.

*લિ. સંજય બી. શાહ*
*ચૅરમૅનઃ જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● જેજેસી અમૃતનગર | : | ૧૧-૯-૧૯ | જાણતા અજાણતા - નાટક | ★ |
| ● જેજેસી બોરીવલી | : | ૨૩-૯-૧૯ | BLUFF MASTER ગુજ્જુભાઇ - નાટક | ✦ |
| ● જેજેસી ભાંડુપ-વિક્રોલી | : | ૨૭-૯-૧૯ | મમ્મી ફિટ સેન્ચુરી હિટ - નાટક | ◈ |
| ● જેજેસી ગોંડલ | : | ૨૯-૯-૧૯ | ચાસણી - ફિલ્મ | ★ |
| ● જેજેસી કાંદિવલી | : | ૧૬,૧૭-૯-૧૯ | લાડકી - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● જેજેસી મુંબઇ | : | ૧૮-૯-૧૯ | અપના ટાઇમ આયેગા - નાટક | ◈ |
| ● જેજેસી મલાડ | : | ૨૬-૯-૧૯ | કરસનદાસ કોમેડીવાળા - નાટક | ★ |
| ● જેજેસી પેડર રોડ | : | ૧૪-૯-૧૯ | મોસમ છલકે - ઑર્કેસ્ટ્રા | ★ |
| ● જેજેસી સાયન-માટુંગા | : | ૧૯-૯-૧૯ | લાડકી - ઑર્કેસ્ટ્રા | ◈ |
| ● જેજેસી નવી મુંબઇ | : | ૯-૯-૧૯ | ચીલ ઝડપ - ફિલ્મ | ◈ |
| | : | ૧૭-૯-૧૯ | નોકરાણી - નાટક | ◈ |
| | : | ૨૩-૯-૧૯ | ચાસણી - ફિલ્મ | ◈ |
| ● જેજેસી નૉર્થ વેસ્ટ | : | ૨૧-૯-૧૯ | અપના ટાઇમ આયેગા - નાટક | ◈ |
| ● જેજેસી વાપી (લે.વિંગ) | : | ૨૯-૯-૧૯ | નવરાત્રિ - રાસગરબા | ★ |
| ● જેજેસી સુર્યપુર (સુરત) | : | ૧૫-૯-૧૯ | ધાર્મિક ભક્તિ સંગીત સંધ્યા | ★ |
| ● જેજેસી જુહુ | : | ૧૬-૯-૧૯ | છી છોરે - ફિલ્મ | ◈ |
| | : | ૨૦-૯-૧૯ | મોન્ટુની બીટ્ટુ - ફિલ્મ | ◈ |
| | : | ૨૩-૯-૧૯ | ડ્રીમ ગર્લ - ફિલ્મ | ◈ |
| | : | ૨૯-૯-૧૯ | આદર્શ નવરાત્રી - રાસ ગરબા | ◈ |
| | : | ૨૯-૯-૧૯ | જશોદા રંગમંદિર નવરાત્રી - રાસ ગરબા | ◈ |
| ● જેજેસી વાપી | : | ૧૪-૯-૧૯ | તીર્થયાત્રા - પ્રવાસ | ★ |
| ● જેજેસી રજવાડી | : | ૯-૯-૧૯ | ધુમ્મસ - નાટક | ★ |
| | : | ૧૧-૯-૧૯ | છીછોરે - ફિલ્મ | ✦ |
| | : | ૨૯-૯-૧૯ | નવરાત્રી - રાસગરબા | ◈ |

**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઇ-મેઇલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઇસ્યૂમાં છાપવામાં આવશે.**

## જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના દ્વારા નીચેનાં પદાધિકારી તથા સર્વે સેન્ટરોના સેન્ટ્રલ બોર્ડના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે

### NOVEMBER CHARTER DATE

| Sr. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Vasai | 10-11-2013 | Rajesh Sarvaiya | 9326469837 | Dharmesh Timbadia | 9822149200 |
| 2 | Nathdwara | 16-11-2007 | Sampat Lodha | 9829009552 | Kantilal Dhakad | 9829165070 |
| 3 | Bhuj | 17-11-1996 | Tushar Sheth | 9879081459 | Sanjay Morbia | 9924585233 |
| 4 | Bhilwara | 17-11-2007 | Sunil Nahar | 9414114214 | Dinesh Kothari | 9829047663 |
| 5 | Chittorgarh | 17-11-2007 | Atul Sisodia | 9414110657 | Chandan Jain | 9414021777 |
| 6 | Nimbahera | 18-11-2012 | Ashok Navalkha | 9829221427 | Pradeep Modi | 9829224397 |
| 7 | Unjha | 22-11-1998 | Tejas Shah | 9898053915 | Samir Shah | 9426005095 |
| 8 | Hyderabad | 23-11-1996 | Bhavesh Kamdar | 040-24752950 | Pramesh Ajmera | 9885595550 |
| 9 | Kolkata | 24-11-2002 | Bhupendra Kamdar | 9831080023 | Dhirajlal Jagani | 9831194603 |
| 10 | Mandvi | 25-11-2000 | Chintan Mehta | 9825284452 | Punit Shah | 9825094894 |
| 11 | Karnavati | 27-11-1983 | Pankaj Bavishi | 9898031156 | Avnish Shah | 9376260601 |

### JJC CENTRAL BOARD



**Name** : **Rajesh C. Gandhi**

**Date of Birth** : 11-11-1958

**Mobile No.** : 9821069989

**Email ID** : rajesh@kompressindia.com

### JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST



**Name** : **Kishor N. Shah**

**Date of Birth** : 23-11-1938

**Mobile No.** : 9323368038

**Email ID** : nandkishor91@yahoo.co.in

## જૈન જાગૃતિ સેન્ટર લેડીઝ વિંગ - મોરબી

મોરબીમાં જૈન જાગૃતિ સેન્ટર લેડીઝ વિંગ દ્વારા દશાશ્રીમાળીની વાડી ખાતે સમસ્ત જૈન સમાજના બહેનો માટે વેલકમ નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માજી ધારાસભ્ય કાંતિભાઇ અમૃતિયાએ હાજરી આપી હતી આ તકે નાના બાળકોથી લઇને તમામ

### JJC CENTRAL BOARD



**Name** : **Chandrakant F. Shah**

**Date of Birth** : 19-11-1961

**Mobile No.** : 9322990772

**Email ID** : chandra.pack@gmail.com

ખેલાયાઓને પ્રોત્સાહિત કરવા માટે કાર્યક્રમના અંતે બેસ્ટ પરફોર્મન્સ, બેસ્ટ વેલડ્રેસ સહિતના ઈનામોનુ વિતરણ કરવામાં આવ્યું હતું, આશિષભાઇ મણિયાર સહિતની તેની ટીમે સુર રેલાવતા મહિલાઓએ રાસની રમઝટ બોલાવી હતી. આયોજન સફળ બનાવવા માટે લેડીઝ વિંગના ખ્યાતિબેન શેઠ, નીતાબેન દોશી, પ્રિયલબેન મહેતા, દીનાબેન સુતરીયા સહિતના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## જૈન જાગૃતિ સેન્ટર ભાવનગર ગરીબ ઘરનાં અને ઝુપડપટ્ટીના બાળકોના ખાસ દાંડિયારાસ

ભાવનગરઃ જૈન સમાજના દેશભક્તિ, અને સમાજ

સેવાના સંદેશ સાથેનો દિપક હૉલમા નવરાત્રી મહોત્સવનું આજે સમાપન કરવામાં આવ્યું હતું.

ભાવનગરમા જૈન સમાજની એકતા માટે કાર્યરત જૈન જાગૃતિ સેન્ટર અને જૈન સોશ્યલ ગ્રુપ (ગ્રેટર) દ્વારા દરરોજ આરતી બાદ રાષ્ટ્રગાનનાં પ્રારંભથી અવનવી થિમથી સમાજને પ્રેરક સંદેશો આપતા વિવિધ કાર્યક્રમો દ્વારા આયોજન કરાયુ હતું. જેમ કે ટ્રાફિકનુ જ્ઞાન આપતા બેનરો સાથે ગરબા લોકસાહિત્યના સથવારે ગુંજતા લાઇવ ગીતો, ભવ્ય મ્યુઝિકલ ઓકેસ્ટ્રા દ્વારા અદભુત ભક્તિભાવના માહોલ વચ્ચે દિપક હોલ, સંસ્કાર મંડળ ખાતે ઉજવાઇ રહ્યા છે.

જૈન જાગૃતિ સેન્ટર અને જૈન સોશ્યલ ગ્રુપ (ગ્રેટર) દ્વારા આજે અંતિમ દિવસે ગાંધી જયંતિના સંદેશ સાથે સેવાના ખાસ ઉદ્દેશથી ગરીબ ઘરનાં અને ઝુપડપટ્ટીના બાળકોના ખાસ દાંડિયારાસ સાંજે ૪.૩૦ વાગે યોજાયો હતો. જેમાં ૩૦૦ જેટલાં બાળકોને ગરબે રમાડી, ભાવતા ભોજન કરાવી અને ગિફ્ટ આપવાનું ભવ્ય આયોજન જૈન જાગૃતિ સેન્ટર અને જૈન સોશિય્લ ગ્રુપ (ગ્રેટર) તથા ભગિની સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જૈન જાગૃતિ સેન્ટર બોટાદ
## સ્વચ્છતાનો સ્વયં શ્રમયોગ

જૈન જાગૃતિ સેન્ટર બોટાદ તથા નગરપાલિકા બોટાદના સહયોગથી મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીના પાવન અવસરે સ્વચ્છતા એજ સેવાના સુત્રને સાર્થક કરી બતાવેલ છે. અને બોટાદ નગરપાલિકાના અતિ ઉત્સાહી ચિફ ઓફીસર પાંચાભાઇ માળીના સુંદર માર્ગદર્શન તળે જૈન જાગૃતિ સેન્ટર-બોટાદના ઓલ કમીટી મેમ્બર્સ તથા ગીરીરાજ જૈન દેરાસરના ટ્રસ્ટીઓ એ તથા જાગૃત નાગરિકો એ સ્વચ્છતા અંગેની જાગૃતિ લાવવા સ્વચ્છતા એજ સેવાનું ઉદાહરણ સમાજને રાષ્ટ્રપિતા ગાંધીજીની જન્મજયંતિના દિવસે પુરૂ પાડેલ અને ગીરીરાજ જૈન દેરાસરની આસપાસ પ્રમુખ રાજાભાઇ કોઠારી, સમીરભાઇ દોશી, વિમલભાઇ ગાંધી, યોગેશભાઇ શેઠ, પારસભાઇ ડગલી તથા વિગેરે ભાઇઓ એ આ વિસ્તારની સફાઇ કરેલ અને પ્લાસ્ટિક મુક્ત બોટાદ કરવાના શપથ પણ દરેકે લીધા હતાઃ 'આવો આપણે આજથી આપણાથી જ સુધારો કરીએ, જ્યારે ખરીદી કરવા જઇએ ત્યારે કપડાની થેલી અવશ્ય સાથે રાખીશું અને નુકશાનકારક પ્લાસ્ટિકથી દેશને-નગરને આપણા શહેરને મુક્ત કરીશું.'

## જૈન જાગૃતિ સેન્ટર લેડીઝ વિંગ જૂનાગઢ

જૈન જાગૃતિ સેન્ટર લેડીઝ વિંગ જૂનાગઢ દ્વારા વેલકમ નવરાત્રીનું ભવ્ય આયોજન કરેલ હતું. ખૂબજ ચાલુ વરસાદમાં પણ ગરબા રમીને મેમ્બરોએ ખુબજ આનંદ માણેલ હતો. અમીશીબેન ગાંધી, સોનલબેન અવલાણી તથા એમની સંપૂર્ણ ટીમની મહેનતથી પ્રોગ્રામ ખુબજ સફળ રહેલ હતો.

## જૈન જાગૃતિ સેન્ટર પાલિતાણા

હંસાબેન અશોકભાઇ દિયોરા ચૅરિટેબલ ટ્રસ્ટનાં સંયોજનથી અને કેર ક્લિનિક તથા જૈન જાગૃતિ સેન્ટર પાલિતાણાના સહકારથી દિગંબર જૈન ધર્મશાળા, બસ સ્ટેન્ડ રોડ, પેટ્રોલ પંપની બાજુમાં, પુલ પાસે પાલિતાણા ખાતે તા. ૨૨-૯ને રવિવારે વિનામુલ્યે નિદાન કેમ્પનું આયોજન કરાવ્યું હતું. આ કેમ્પમાં ભાવનગરની બિમ્સ મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલના નિષ્ણાંત ડોક્ટરો ઉપરાંત પાલિતાણાના ડૉ. વીણા કડેલ. ડૉ. પરેશ બાલધીયા, ડૉ. લક્ષ્મણ ચોહાણ વગેરે સેવા આપશે. કેમ્પમાં કોલેસ્ટ્રોલ અને ડાયાબિટીસની તપાસ પણ વિનામુલ્યે કરી આપવામાં આવી હતી.

# જેજેસી-સેન્ટ્રલ બોર્ડ અને
# જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ
## ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા
## આયોજીત



# રપમો સમુહલગ્નોત્સવ



**વહેલા તે પહેલાના ધોરણે**

**૨૧ યુગલોને સમુહ લગ્નમાં** લેવામાં આવશે.

**સમુહ લગ્ન માગશર વદ-૩, રવિવાર તા. ૧૫-૧૨-૨૦૧૯,**

**સ્થળ :** ગોપાલજી હેમરાજ હાઈસ્કુલ, એમ. જી. ક્રોસ રોડ, બોરીવલી (ઈસ્ટ)માં નક્કી કરવામાં આવેલ છે.

## સમુહ લગ્ન માટે

**જેજેસી ઑફિસમાં સંપર્ક કરવા નમ્ર વિનંતી.**

૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭.ટે. નં. ૦૨૨-૬૬૯૫૬૬૯૯
ટેલિફૅક્સઃ ૦૨૨-૬૬૯૭૩૦૩૮ Email: admin@jainjagruti.com ● Website: www.jainjagruti.com

## સમુહ લગ્નના દાતાશ્રીઓ

**પ્રેરક દાતાઃ**
શ્રીમતી નીલાબેન પ્રદીપભાઈ સોગઠી પરિવાર
શ્રી વસંતભાઈ એચ. મહેતા પરિવાર (Jiggar Plast India)

**ડેકોરેશનના દાતાઃ**
માતુશ્રી મંગળાબેન હર્ષી મોતા પરિવાર હ. ભારતીબેન તરૂણભાઈ મોતા

**કરિયાવરના દાતાઃ**
શ્રીમતી મીનાબેન મુકેશભાઈ શાહ

**જમણવારના દાતાઃ**
શ્રીમતી રેખાબેન સંજયભાઈ શાહ

# ગુજરાતી ભાષાનું ભવિષ્ય

જ્યોતિલા ખારોડ

૧૯૬૮ની એટલે કે ચાળીસેક વર્ષ પહેલાંની વાત છે. વાત બિલકુલ અંગત છે, એટલે શરૂઆત આ વાતથી કરવી, ન કરવી તેની અવઢવ બહુ રહી. પણ વિષયને સ્પર્શતી હોવાથી આ વાત લખવી જ જોઈએ, એમ લાગ્યું.

લગભગ ૧૯૬૬માં અમદાવાદની સ્કૂલ ઓફ આર્ટિટેક્ટમાં સિસ્ટર કૉન નામના વિઝિટિંગ પ્રોફેસર આવ્યા. ૪-૫ વર્ષનું રોકાણ હતું એટલે એમનાં પત્ની રૂથ કૉને અંગ્રેજી મીડિયમની નર્સરી, કે.જી., શરૂ કર્યાં. પાસે હોવાને કારણે, ચાલતા જ લેવા જવાનું સરળ પડે તેથી અમે અમારા નાના પુત્રને ત્યાં મૂક્યો. એ વર્ષ જોતજોતામાં પૂરાં થઈ ગયાં. રુથ કૉને દરેક માબાપને પુછાવ્યું કે તેઓ તેમની શાળામાં તેમના બાળકને ચાલુ રાખવા માગે છે કે કેમ ? અમે 'ના'નો જવાબ લખી મોકલ્યો. એમણે અમને રૂબરૂ મળવા બોલાવ્યાં. અને અમને અમારા આ અભિપ્રાય અંગે પૂછ્યું. અમે અમારી વિચારસરણી રજૂ કરી. અમે માનતાં હતાં કે શાળાકીય શિક્ષણ જો માતૃભાષામાં બાળક લે તો તેની ઓછી મહેનતે વધુ મળે, સમજણ સ્પષ્ટ રહે, અને તે સહજપણે આગળ વધી શકે.

અમારા આશ્ચર્ય વચ્ચે એમણે અમને ખૂબ અભિનંદન આપ્યાં અને કહ્યું કે ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં ભણાવવાની ઘેલછા છે. પોતે ઘણા દેશોમાં ફર્યા છે, પણ આવી ઘેલછા તેમણે અહીં જ જોઈ. તેમણે ત્યારે જે કહ્યું તે બરોબર યાદ છે : 'ગુજરાતી માધ્યમમાં ભણતું તમારું બાળક અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળક કરતાં જ્યારે અભ્યાસ પૂરો કરશે ત્યારે ક્યાંય આગળ હશે.' અમે તો ખરેખર મીઠાં ફળ ચાખ્યાં. પણ દુઃખદ વાત એ છે કે અંગ્રેજી માધ્યમમાં બાળકને શિક્ષણ દેવાની વાતે એટલું તો જોર પકડ્યું છે કે અંગ્રેજી ન જાણતાં માબાપ પણ બાળકને અંગ્રેજી માધ્યમમાં ધકેલે છે અને આપણે આપણી માતૃભાષાથી દૂર, વધુ ને વધુ દૂર જતા જઈએ છીએ. તેનાથી વિખૂટા પડવા માંડ્યા છીએ.

અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા છે. ભૌતિક અને બૌદ્ધિક વિકાસ માટે તેની જરૂર છે, એની ના જ નથી, પણ એ જેટલું જરૂરનું છે તેથીય વધુ તાતી જરૂર આપણા 'ગુજરાતી'ને મહત્ત્વ આપવાની છે. માને મૂકીને માસીને થોડી પૂજાય ? પણ આપણી માનસિકતા જ આ પ્રકારની થઈ ગઈ છે. માતૃભાષા, માતા અને માતૃભૂમિનું પ્રદાન વ્યક્તિના જીવનમાં ખૂબ જ મહત્ત્વનું છે. ઊલટા ક્રમમાં લઈએ તો માતૃભૂમિ દ્વારા આપણે આપણી ઓળખને જાળવી રાખીએ છીએ. માના ધાવણ અને માવજતથી ક્લેવર ઘડાય છે, મમતાના – સમજણના પાઠ મળે છે. અને માતૃભાષા (એટલે કે આપણે તો ગુજરાતી જ ને !) આપણને આપણા ઘર અને આપણા સમાજ સાથે જોડાયેલા રાખે છે. માતૃભાષા એટલે કે ગુજરાતીને જો ઉવેખશું તો ઘરમાં પણ પરદેશી બની જઈશું. ગુજરાતી ભાષાને લીધે જે સંસ્કાર – આદર્શનાં બીજ બાળપણથી રોપાય અને પછી વૃક્ષ બનીને ફાલે અને મીઠાં ફળો આપણે ચાખીએ અને બીજાને, પછીની પેઢીને પણ આપીએ, તેનું વર્ણન શબ્દાતીત છે.

ગુજરાતી સાહિત્ય ખેડાયેલું સાહિત્ય છે. નરસિંહ-મીરાં-અખો-ભોજો-દયારામ-નર્મદ-ક.દ.ડાથી માંડીને ઝવેરચંદ મેઘાણી, ર. વ. દેસાઈ, ઈશ્વર પેટલીકર, ચુનીલાલ મડિયા, સ્નેહરશ્મિ, ઉમાશંકરભાઈ વગેરેએ ગુજરાતના મધુર ગૃહસંસાર, ધર્મ, આદર્શો, સંસ્કારની મોકળે મને લ્હાણી કરી છે, અને આપણને સંસ્કારસમૃદ્ધ બનાવ્યા છે. આ તો થોડાં જ નામો લખ્યાં છે. ગુજરાતી ભાષાએ આપણા મન અને હૃદયને વિશાળ બનાવ્યાં છે. તેથી જ આ ભાષાને વરેલા આપણે સૌએ જુદા જુદા પ્રાંતમાંથી, પરદેશથી આવેલા સૌને આપણા પોતીકા એટલી હદે બનાવ્યા છે કે તેઓ અહીં જ પોતાનું ઘર બનાવી વસી જાય છે. આવનારને 'આવો'નો મીઠો આવકાર અને જનારને 'આવજો' કહી વિદાય આપતા પાછા આવવાનું ઈજન ગુજરાતી ભાષા જ આપી શકે. એને બદલે 'હાય' અને 'બાય' આપણે અપનાવી લીધાં છે. પણ એ કોણ જાણે 'આવો' 'આવજો' જેવું સહજ નથી લાગતું.

આવું જ ચાલ્યા કરે તો ગુજરાતી ભાષાના ભવિષ્ય વિશે વિચારતાં થથરી જવાય. અંગ્રેજી ભાષા પ્રત્યે માબાપનું વળગણ એટલું વધી ગયું છે કે ઘરમાં પણ અંગ્રેજીમાં વાતચીત કરવાનો આગ્રહ રખાય છે. અધકચરું ગુજરાતી – અંગ્રેજી બોલતાં બાળકો

આપણને ઊંચા લાગે છે. ગુજરાતી ભાષાના માધ્યમવાળી શાળામાં બાળકો ભણે છે કહેતાં તો માબાપ જાણે કોચલું વળી જાય છે. એટલી બધી લઘુતાગ્રંથિથી આપણે પીડાતા થઈ ગયા છીએ. કડઝ્ડકુગ્ડદ્વકડ ણૂડકુહૈકુઠધ્ડણૂડહઠડને આપણે અંગ્રેજી ભાષામાં રૂપકડું નામ આપ્યું છે : ક્ત્થ્કુટ્ટત્ણ્દ્ર્ટ્ટદ્દણ્ત્ઝ આપણા બૌદ્ધિક, ભૌતિક વિકાસ માટે આ ખૂબ જરૂરી પણ છે, પણ આપણે સૌ તો એ વિકાસની પાછળ એટલા ગાંડા બની ગયા છીએ કે 'અંગ્રેજી... માત્ર અંગ્રેજી'ની માળા જપતા થઈ ગયા છીએ. આમ જ થશે, અને ચાલતું રહેશે, તો ગુજરાતી પણ સંસ્કૃતની જેમ જ મૃત ભાષા બની જશે.

હમણાં જ રમેશભાઈ સંઘવી સંપાદિત 'અમી ઝરણાં' નામનું પુસ્તક વાંચતી હતી. ગાગરમાં એમણે સાગર સમાવ્યો છે. તેમાં ઉદયન ઠક્કરની કાવ્યપંક્તિઓ ટાંકવાની લાલચ રોકી શકાતી નથી. એમની ક્ષમાયાચના સાથે એ ટાંકવાની તક લઉં છું :

'ગુમાઈ છે, ગુમાઈ છે, ગુમાઈ છે,
કોન્વેન્ટ સ્કુલના કંપાઉન્ડમાંથી
પલક મીંચવા - ઉઘાડવાની
કોઈ એક ક્ષણે ગુજરાતી,
લખતી વાંચતી એક પેઢી,
નિશાની છે, 'કાનુડાએ કોની મટુકી ફોડી ?'
એમ પૂછો
તો કહેશે, 'જેક એન્ડ જીલની'
ગોતીને પાછી લાવનાર માટે
કોઈ ઈનામ નથી
કારણ કે એ હંમેશ માટે ગુમાઈ ચૂકી છે.'

ભાષાને સંસ્કૃતિ-સંસ્કાર-સમર્પણ-મમતાનું ભાથું બંધાવનાર, માતા માનનારા દરેક માટે આ આંખ ઉઘાડનાર છે. અત્યારે ગુજરાતી માટે જે પરિસ્થિતિ છે તેનું એમણે કરવું જોઈએ તેવું સચોટ વર્ણન કર્યું છે. ગુજરાતી ભાષા મૃતઃપાય ન બની જાય તે માટે ભેખ લેનારાની સંખ્યા પણ ઓછી નથી. ફાધર વાલેસ અહીં રહ્યાં ત્યાં સુધી ગુજરાતી ન હોવા છતાં પણ પૂરા ગુજરાતી બન્યા. ગુજરાતી ભાષામાં, ગુજરાતની સંસ્કૃતિ - સંસ્કારને પૂરેપૂરાં ઉતાર્યાં. ગુજરાતી ભાષાનું ભવિષ્ય ઉજળું રહે તે માટે શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી જે પ્રયાસો 'અર્ધી સદીની વાંચનયાત્રા' દ્વારા કરે છે તે સરાહનીય અને વંદનીય છે. મહેન્દ્રભાઈ સાથે શ્રી રમેશભાઈ સંઘવી પણ જોડાયા છે. જો હાથમાં આવે અને નજર ફેરવવાની તસ્દી લઈએ તો ગુજરાતી સાહિત્યમાંથી મંથન કરીને તારવેલા નવનીત પર આપણે જરૂર ઓવારી જઈએ, એના મીઠા આસ્વાદને મન ભરીને મમળાવીએ. અને કહીએ કે આપણું ગુજરાત પણ કંઈ કમ નથી. પૂ. મોરારિબાપુ અને શ્રી રમેશભાઈ ઓઝા એવી વિરલ વ્યક્તિઓ છે કે જેમણે ધર્મને સરળ રીતે જનતા સુધી પહોંચાડવા ગુજરાતનાં સુપ્રસિદ્ધ કવિઓના કાવ્યો, શેર-શાયરીઓનો ઉપયોગ કર્યો છે અને ગુજરાતીમાં રસ લેતા કરવા માટે પોતાનો અમૂલ્ય સમય ફાળવ્યો છે. આપણું સદ્‌ભાગ્ય છે કે શ્રી નારાયણભાઈ દેસાઈ જેવા સમર્થ સાહિત્ય સ્વામી પણ આપણી ગુજરાતી ભવિષ્યમાં ખોવાઈ ન જાય તે માટે પુષ્કળ પ્રયાસો કરે છે. કોનાં નામ ગણાવીએ - કોનાં કોરાણે મૂકીએ ? એટલી સંખ્યામાં આપણા સાહિત્યકારો ગુજરાતી ભાષાની ગરિમાને ગૂંજતી રાખવાના પ્રયાસોમાં છે.

પણ ગુજરાતી ભાષાનું ભવિષ્ય ઉજ્જવળ રાખવું હોય તો સહુથી સંનિષ્ઠ પ્રયાસો ઘર અને શાળામાં થવા જોઈએ. અંગ્રેજી માધ્યમમાં બાળક ભણે ભલે, પણ ગુજરાતી ભાષામાં સરસ મજાનાં જોડકણાં, સરસ વાર્તાઓ - બકોર પટેલની બાલવાર્તાઓ, ગીજુભાઈ બધેકાની બાળવાર્તાઓ, રમણલાલ સોનીની કલ્પનાસભર બાળવાર્તાઓ અને બાળગીતોથી, માબાપ બંને થોડો સમય કાઢીને બાળકોને પણ પરિચિત કેમ ન કરાવે ? સ્નો-વ્હાઈટની વાર્તા માટે બરફના પ્રદેશમાં જવું પડે, જે આપણે માટે અપરિચિત માહોલ છે. 'ગોળ કેરી ભીતલડી, શેરડી કેરા સાંઠા, ટોપરડે તો છાપરી છાઈ, બચ્ચાં બારણાં ઉઘાડો' આપણો પરિચિત માહોલ. પરિસ્થિતિ શબ્દો, બાળકોને જરૂર વધુ ગમે જ. આપણામાંથી જે મળતું હોય તેનાથી બાળકોને પરિચિત કરશું તો ગુજરાતી પણ તેમને ગમશે, એ માટેની તેમની વાંચનભૂખ પણ ઊઘડશે અને નવું શોધવાની અને વાંચવાની ઝંખના જાગશે. એક વાત આપણી ગુજરાતી પ્રજા માટે કહેવાય છે, 'જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત.' પ્રીતિ સેનગુપ્તા કે પન્નાનાયક અમેરિકન સિટિઝન હોવા છતાં ગુજરાતીને ભૂલ્યાં નથી અને પ્રવાસવર્ણનો દ્વારા અને કાવ્યો દ્વારા સમૃદ્ધ નજરાણાં ધરે જાય છે. એ ગુજરાતી ભાષા માટે ઓછા ગૌરવની વાત નથી.

ગુજરાતી ભાષાની સમૃદ્ધિનો, અસ્મિતાનો બાળકોને ખ્યાલ આવે એટલા માટે અંગ્રેજી માધ્યમ હોય કે ગુજરાતી માધ્યમ, બંનેમાં ઈતિહાસ-ભૂગોળ જેવા વિષયો ગુજરાતીમાં શીખવવા જોઈએ અને તે પણ સરળ અને રોચક રીતે, તો બાળકોને ઈતિહાસ, ભૂગોળમાં જરૂર રસ પડે જ, અને જે તે વિષયો વિશે તે વધુ વાંચવા પ્રેરાય અને ગુજરાતી ભાષાને તે વધુ આત્મસાત કરે. ભાષા જ વ્યક્તિનું ઘડતર કરે છે. હમણાં હમણાં આપણે ત્યાં ક્ક.દ્ર. અને ઋ.દ્ર. બે શબ્દોની બોલબાલા છે. ક્ક.દ્ર. એટલે બુદ્ધિ ક્ષમતા તો અંગ્રેજી કે ગુજરાતી કોઈની પણ તેની બુદ્ધિમતા પર આધાર રાખે છે. પણ ઋ.દ્ર. એટલે કે સંવેદનશીલતાનું શું ? મારા મતે સંવેદનશીલતા આપણા માટે જરૂરી છે, અને તે આપણી ગુજરાતી ભાષા દ્વારા જ મળે છે. બાળપણની વાત કરીએ તો બાળક જ્યારે 'બા મને ચપટી વગાડતાં આવડી ગઈ' કે 'પેલાં પંખીને જોઈ મને થાય...' ગાય તો મા સાથે કે પંખી સાથે તે પૂરું ઓતપ્રોત થઈ જાય છે, અને બાળપણનો આનંદ સહજ તેને મળી રહે છે. યૌવનનો ઉલ્લાસ, રોમાંચ 'તારી આંખનો અફીણી' કે 'સાંવરિયો રે મારો સાંવરિયો, હું ખોબો માંગુ ને દઈ દે દરિયો' જેવા ગીતો વડે જ અનુભવાય. અને પ્રૌઢાવસ્થાની ધીરગંભીરતાને 'હિમાલયનો પ્રવાસ', 'ધરતીની આરતી' જેવા માહિતીસભર પુસ્તકો જ ધરવી શકે. વૃદ્ધવસ્થાને ઉંબરે પગ મૂકેલી માતા અને રજાઓ દરમિયાન પુત્ર-પુત્રીઓ આવ્યાં, તેમને વળાવીને પગથિયે બેસી ગયેલી માતાનું હૃદયસ્પર્શી વર્ણન 'વળાવી બા આવી' જેવાં કાવ્યોમાં જ મળે. અંગ્રેજી સાહિત્યમાં આ બધું છે, પણ આપણી ભાષા સાથેની આપણી આત્મીયતાને કારણે આપણે જુદા જુદા વખતની સંવેદનશીલતાને વધુ સારી રીતે અનુભવી શકીએ છીએ.

માતૃભાષા જ સંબંધોને આગવાં નામ આપે છે. મામા-મામી-કાકા-ફોઈ-ફુવા-ભાણેજ-ભત્રીજા, નણંદ-ભોજાઈ અને બીજાં અનેક નામ સંબંધોને અપાયાં છે. અને આ નામકરણને કારણે જ સંબંધો વધુ વ્હાલપભર્યા બન્યા છે. સંબંધોની મીઠાશ કેમ ગુમાવાય ? સંસ્કૃત છોડીને ઘણું ગુમાવ્યું છે. એ ભાષાના સુભાષિતોએ આપણને ઘણું આપ્યું છે. આપણી ગુજરાતી પણ આપણને સતત આપ્યે જ રાખે છે. ગુજરાતનું વાતાવરણ, ગુજરાતનું ગૌરવ ગુજરાતીને લીધે છે. ગુજરાતી છે તો ગરબે ઘુમાય છે, ગીતો ગુંજાય છે, લોકસંગીત - લોકગીતોની - લોકવાર્તાઓની લહાણી થાય છે. ગરબામાં પણ હીંચ - હુડો - ઘોડો જેવા પ્રયોગો થાય છે. રવિન્દ્રનાથ ટાગોર આપણી ગરબે ઘૂમતી ગુજરાતણોને જોઈ ઘેલા બન્યાં હતાં. ગુજરાતીઓનો સ્વભાવ ગાજવાનો નથી તેથી આપણે આપણી ભાષાને ગજવી નથી. ઘણી વખત ગુજરાતી કુટુંબોની વાતોને વર્ણવતી ટીવી સિરિયલ જોઉં છું ત્યારે આપણી ગુજરાતી જાત માટે ગુસ્સો આવે છે. ઝઘડાઓ - કાવાદાવા, પ્રેમની વિકૃત રજૂઆત, પંચાત એ જાણે ગુજરાતી પ્રજાની ખાસિયત હોય તેવી રજૂઆત ટીવી પર થતી હોય છતાં આપણા પેટનું પાણીયે ન હલે ? અમારી ભાષામાં કાકમંજરી છે, મુંજાલ-મીનળદેવી છે, કોકિલા છે, રુદદ્રત છે, રંજન છે, ચંદા છે, અમારી ગુજરાતી ખમીરવંતી છે, એનો અહેસાસ થોડે ઘણે અંશે પણ પ્રસાર માધ્યમો અને પ્રચાર માધ્યમોને આપણે કરાવી શકીએ તો આવી વાહિયાત સીરિયલો બંધ થાય. ગુજરાતી ભાષાનું ગૌરવ અને તેની નમણાશ સહુને જાણવા અને માણવા મળે. જે તે સમયના સાંપ્રત સમાજનું આબેહૂબ વર્ણન એ તો ભાષા અને સમાજદર્શન પરની લેખકની અજબ પકડ બતાવે છે.

આપણી ભાષા જો નબળી પડશે, તો આપણે જ ગુમાવવાનું રહેશે. આ માટે, નાનાં-મોટાં, યુવાન-વૃદ્ધ, સ્ત્રી-પુરુષ, ગરીબ-તવંગર સહુ કોઈએ આપણી ગુજરાતી માટે, તેના અસ્તિત્વ માટે ઝઝૂમવાનું રહેશે અને નર્મદના શબ્દોમાં જ કહું તો 'સહુ ચલો જીતવા જંગ, બ્યુગલો વાગે, યાહોમ કરીને પડો ફતેહ છે આગે' - આપણી ગુજરાતીનું ભવિષ્ય ઊજળું જ રહેશે અને તેના થકી આપણે ઊજળા જ રહીશું. સમાપન કરું છું, ત્યારે ગાંધીજીએ બીજા સંદર્ભમાં કહેલાં વાક્યો યાદ આવે છે. કેટલું જોમ-કૌવત છે એ વાક્યોમાં ? 'દેશ-વિદેશની સંસ્કૃતિના વાયરા શક્ય એટલી મુક્ત રીતે મારા ઘરમાં વહે એવી મારી પણ ઈચ્છા છે પણ તેના કારણે મારા પગ મારી ભૂમિમાંથી ઊંચકાઈ જાય અને હું દૂર ફંગોળાઈ જાઉં, એની સામે મારો સખત વિરોધ છે, એ હું હરગીજ સહન ન કરું.'


આપણી ગુજરાતીને સમૃદ્ધ-જીવંત રાખવા માટે આપણે પણ એવું જ કંઈક નક્કી કરીએ. બધી સંસ્કૃતિ, બધી ભાષાઓ માટે ગુજરાતનાં બારણાં હંમેશાં ખુલ્લાં છે પણ અમારી ગુજરાતીને ભોગે તો હરગીજ નહીં.

# પરફેક્ટ પ્રોફેશનલ જ્યોતિષ


**PERFECT PROFESSIONAL ASTROLOGER**

**૨૫ + વર્ષોના અનુભવી**

- ❖ સર્વ પ્રકારની સમસ્યાઓનું સચોટ અને સફળ સમાધાન કરનાર
- ❖ કોમ્પ્યૂટર કુંડળી-મેચમેકિંગ કુંડળી કેરિયર-હસ્તરેખા
- ❖ વાસ્તુશાસ્ત્ર-ન્યુમરોલોજિસ્ટ ગ્રહ-નક્ષત્ર પુજા.
- ❖ શુદ્ધિકરણ સાથે નવગ્રહ રત્નો મળશે.



Life & Business 100% Success




**JYOTI VORA**

**9221308147 - 28602660**

# પરફેક્ટ મૅરેજ બ્યુરો

દરેક ધર્મ અને જાતિ માટે લગ્ન ઉત્સુક યુવક-યુવતિ ડાયવોર્સિ, વિધુર, વિધવા ઉમેદવારો માટે ૧૦૦% મનપસંદ પાત્ર મેળવવા માટે સાથે ફ્રી જ્યોતિષ સેવા ઉપલબ્ધ. સમય અને પૈસાની બચત

**સર્વોત્તમ સર્વિસ માટે જાણીતું પરફેક્ટ મૅરેજ બ્યુરો**

**ફૂલ તો તમે છો તેમા સુગંધ અમે ભરશું.**

**JYOTI VORA**
**9221308147,**
**28602660**



# શબ્દનો ચમત્કાર

■ હરિન્દ્ર દવે

ઈસુ ખ્રિસ્ત પાસે એક ભક્ત આવ્યો. આવતા વેંત ઈસુના પગ પકડી લીધા.

'ભગવાન, તમારા ચહેરા પર શાંતિ છે એ મને આપો.'

ઈસુએ હસીને કહ્યું: 'લઈ લે.'

પેલો ભક્ત મુંઝાઈને જોઈ રહ્યો: 'એમ નહીં, તમે મને એ શાંતિ આપો.'

ઈસુના ચહેરા પર એ જ સ્મિત હતું. તેમણે ફરી કહ્યું: 'જો, આ મારો ઝભ્ભો, આ મારું પાત્ર તારે જે જોઈતું હોય તે લે. તને મારા ચહેરાની શાંતિ દેખાતી હોય તો એ પણ લઈ લે. મારે શું કરવી છે એને ? એ જ્યાં દેખાય ત્યાંથી લઈ લે. હું ના નહીં પાડું.'

'ભગવાન, મને મુંઝવો નહીં. હું આ ગામનો સૌથી શ્રીમંત માણસ છું. તમે કહેશો એ આપીશ. મારો બધો ખજાનો આપી દઈશ. મને લેતાં આવડે એ તો છીનવીને લઈ લઉં છું, પણ તમારા ચહેરા પરની શાંતિ છીનવી શક્તો નથી. એ તો તમારે જ આપવી પડશે. તમે કહો એ કિંમત આપીશ.'

'તારી પાસે આટલા બધા પૈસા છે ?'

'હા.'.

'તો એક કામ કર.'

'આજ્ઞા કરો.'

'તારી માને લઈને આવ.'

'મારી મા તો મૃત્યુ પામી છે.'

'એથી શું થયું ? તું તો ધનિક છે. તું પૈસા આપીને ખરીદી શકે છે. શાંતિ ખરીદવા નીકળ્યો છે તો એક મા નહીં ખરીદી શકે ?'

'હા, એય ખરું.' પેલા ધનિકે વિચાર્યું, એ એક વૃદ્ધા પાસે ગયો: 'માજી, તમે માગો એટલા પૈસા આપું. તમે મારી મા બનો.'

'બેટા, તું આ ગરીબ ડોસીને પૈસા આપીશ તો તારી ચાકરી કરીશ, તારો ખ્યાલ રાખીશ. મને જે આવડે એ રાંધી દઈશ. હા, મા કરે એ બધું જ કરીશ.'

ધનિક તો એ વૃદ્ધાને લઈ ઈસુ પાસે આવ્યો: 'લ્યો, આ મા લઈ આવ્યો.'

'વાહ ! કેટલામાં ખરીદી ?'

'હજી એને પૈસા આપવાના બાકી છે, પણ મારું ધ્યાન રાખશે, હું કહીશ ત્યારે મને વહાલ પણ કરશે.'

'ભાઈ, તેં પૈસા આપીને આ વૃદ્ધા માટે દીકરો ખરીદયો છે, કારણ કે એ તારું ધ્યાન રાખશે, પણ તારા માટેની મા બહારથી કઈ રીતે આવશે ?'

પેલા ધનિકને સમજ ન પડી. 'ભગવાન, તમે કહો એ કરવા આ વૃદ્ધાને સમજાવીશ. એને હું મા કહીશ. એ મને દીકરો કહેશે. પછી શું ?

'ભાઈ, તને સમજ ન પડી. એ તને દીકરો કહેશે તો કદાચ એની નજરમાં સાચેસાચ દીકરો દેખાશે, પણ તું જ્યારે એને મા કહીશ, ત્યારે તેં પૈસા આપીને ખરીદેલી જણસ જ દેખાશે. તારી આંખ માને નહીં જુએ. તારી આંખ તારી સંપત્તિનો પડઘો જોયા કરશે. એ શક્ય છે કે આ વૃદ્ધાને દીકરો મળે, તને મા કઈ રીતે મળશે ? મા કંઈ વેચાતી મળતી નથી. આ સ્ત્રીમાં મા છે, પણ તારા પૈસાના અહંકારને કારણે તું કેવળ એને ખરીદી શકાય એવી ચીજ માને છે. મા તો કેવળ મા હોય છે.'

પેલો ધનિક ઈસુની સામે જોઈ રહ્યો. ઈસુએ પેલી વૃદ્ધાને કહ્યું: 'મા, આ માણસ તો સાવ કંગાળ છે. એ તો જૂઠું બોલીને તને અહીં લઈ આવ્યો છે. એ તને ફૂટી કોડીયે આપી શકે તેમ નથી. તું એની મા થઈને શું કરીશ ?'

'કંઈ નહીં બેટા, એણે મને પૈસા આપવાનું કહ્યું. હું એની ચાકરી કરીશ, એનું ધ્યાન રાખીશ. મને અનાથને મા કહેનારું કોણ છે ? દીકરો માત્ર પૈસા ન આપી શકે એટલા માટે એકવાર એને દીકરો કીધા પછી તેનાથી મોં ફેરવી લઉં ? ચાલ બેટા, હું બે ઘેર વાસણ માંજીને કમાઈ લાવીશ અને તને રોટલા ભેગો કરીશ.'

પેલા ધનિકની આંખના પડળ ઉઘડી ગયા. એ વૃદ્ધાને પગે લાગ્યો: 'મા, હું ખરેખર કંગાળ છું. તેં મને પ્રેમ આપ્યો. મને ન્યાલ કરી દીધો.'

ઈસુએ એ માણસને કહ્યું: 'હવે તારે મા ખરીદવાની જરૂર નથી. શાંતિ ખરીદવી છે ?'

ઈસુના ચહેરા સામે એ ધનિક બોલ્યો: 'ના, મને હવે શાંતિ પણ મળી ગઈ.' આ કથા ખરેખર બની છે કે કેમ એ ખબર નથી, પણ રોજબરોજ બનતી હોય છે. ખરેખરાં માતા-પુત્ર વચ્ચે પણ બને છે. દીકરો છે એટલે મા એને વહાલ કરે છે. દીકરો કમાઈને લાવે છે, એટલા માટે નહીં, માનો પ્રેમ અતોનાત હોય છે. પુત્રના પ્રેમને સીમા હોય છે.

એકવાર એક મા-દીકરા વચ્ચે ઝઘડો થયો. દીકરાએ કહ્યું: 'તેં મને મોટો કર્યો, એ તારો ઉપકાર, પણ એમાં તેં જે કાંઈ કર્યું એ બધાનો બદલો હું ચુકવી દઈશ. બોલ, મારી પાછળ તે કેટલો ખર્ચ કર્યો ? કેટલાં મારા કપડાં પાછળ ખર્ચ્યા, કેટલા મારા જમવા પાછળ ખર્ચ્યા, કેટલા દવાદારૂમાં ગયા, બધું લખાવ, હું વ્યાજ સાથે તને ચૂકતે કરી દઈશ. લખાવ...'

'લખાવું તો ખરી, દીકરા, પણ ક્યાંથી લખાવું ?'

'કેમ ?' જન્મ્યો ત્યારથી. પહેલા દિવસથી.'

'પહેલા દિવસે તને મેં છાતીએ વળગાડીને દૂધ પાયું' તને ખોળામાં લઈ તારી સામે જોઈ હરખનાં આંસુ વહાવ્યાં હતાં, બોલ, એ દૂધ કેટલા રૂપિયે લિટર લખીશ ? અને એ આંસુનાં ટીપાંની ક્યા કમ્પ્યૂટર પર ગણતરી કરીશ અને પ્રત્યેક ટીપા માટે કેટલા સિક્કા આપીશ ?' પુત્રનો બધો જ રોષ ઉતરી ગયો. એણે માતાના ખભે માથું મૂકી દીધું અને ધ્રૂસકે ધ્રૂસકે રડતાં કહ્યું: 'મને માફ કર મા, મારાથી ગુસ્સામાં બોલાઈ ગયું.'

આપણે કલાકોના કલાકો જીવનની, વ્યવસાયની, ઈશ્વરની, અધ્યાત્મની વાતો કર્યા કરીએ છીએ. કોઈ ક્ષણે મા વિશે અનાયાસ વાત કરીએ ત્યારે એ પવિત્ર ઘડી આવે છે – માનો લય વાતચીતમાં ભળે ત્યારે એ વાત અમૃતત્વ પામે છે. મા શબ્દ ઉચ્ચારાય અને એક ઉજાસ પથરાય છે. માનો ખ્યાલ આવે કે ચિત્ત મંજાઈને ઝળાંઝળાં થઈ ઊઠે છે. ચમત્કારના અનુભવ માટે બહુ દૂર જવાની જરૂર નથી. 'મા' શબ્દ ઉચ્ચારીએ અને ચમત્કાર થાય છે. દુનિયાના એકેએક માણસના જીવનમાં આ ચમત્કાર બને છે. સર્જકો, કલાકારો, વૈજ્ઞાનિકો, રાજપુરુષો કે ચિંતકો આ ચમત્કારને પોતાની રીતે પામે છે. આ સૌ માની વાત કરે છે ત્યારે પોતાના બધા જ અંચળા ઉતારી દે છે. મા સત્યનો સૂર્ય છે. એની સામે ઉપરછલ્લું ઝાકળ ટકી રહેતું નથી. મા શબ્દ જ આવરણનાં બધાં પડ ઉખેળી નાખે છે. માનો વિચાર આપણને 'એક્સ-રે'ની માફક આરપાર જોઈ શકે છે. સમગ્રને બેનકાબ કરી દે છે.

મા શબ્દ કોઈ સર્જકના હૃદયમાં ઊગે ત્યારે રચાતો કંપ કાગળ પર અક્ષર પાડે છે. ત્યારે આ ચમત્કાર સ્થિરતા પામે છે. આ ચમત્કાર ક્યારેક શબ્દમાં સ્થિર થાય છે તો ક્યારેક રેખાઓમાં. કોઈ સંગીતકાર સુરાવલીમાં માની સ્મૃતિને મઢે તો એના અવાજમાં કે લયમાં પણ ચમત્કાર જોઈ શકાય છે. કોઈ નૃત્યકારને નૃત્યુની ક્ષણે માનું સ્મરણ થાય તો તેની ગતિમાં પણ ચમત્કાર જોઈ શકાય છે.

મા એટલે જન્મદાતા મા તો ખરી જ. પણ જેની આંખોમાં અમૃત દેખાય એ તમામ મા છે. મા પ્રત્યેક નારીમાં કોઈ અમૃતક્ષણે જાગી ઊઠે છે. મા કદી મરતી નથી: માનો દેહ ન હોય ત્યારે એનું વહાલ હવાના કણકણમાં વિખેરાઈને આલિંગન આપે છે. જેને પત્ર ન લખ્યો હોય છતાં જેની આંખોમાં લખવા ધારેલ પત્રનો પ્રેમાળ જવાબ વંચાય તે 'મા'.




*Get A Wide Range of Exclusive Wedding & Designer Sarees Collection!*

**Sukanya®**
Exclusive Sarees

Moti Mahal, M G Road, Opp. Cama Lane, Ghatkopar (W), Mumbai - 400 086. Tel: 2512 8090 | 98200 00636



## We Turn Your Events To Moments

- Car decoration
- Groom & Baraati Safa
- Bridal Doli / Palanquin
- Koli band for baraati
- Dhol & shenai
- Couple special entries
- Trousseau packing
- Lagna geet
- Dj / sangeet sandhya
- Mehendi, Nail art
- Wedding Photography & Cinematography
- Bridal Makeup & Hair styling
- Engagement ring platter
- & many more

**:|| अvasar ||:®**
ALL ABOUT MARRIAGE

Neelkanth Market, M G Road, Ghatkopar (E), Mumbai - 400 077.
Tel: 9821029055/9594049055 | avasar28@yahoo.com



Right Frame for
Right Occasion

**OPTICAL PALACE**

Neelkanth Shopping Center, CAMA LANE CORNER,
Ghatkopar (W), Mumbai - 400 086.
Tel: 2512 9516 | opticalpalaceghatkopar@gmail.com

Advt.

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ
# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ



શ્રી પરાગભાઈ શાહ સૌ પ્રથમ જેજેસી નોર્થ વેસ્ટના છેલ્લા છ વર્ષથી પ્રમુખ છે. તેમના મનમાં એક જ વિચાર આવે દેશનો વિકાસ કરવા માટે દેશની જનતાનો સાથ હોવો જરૂરી છે. સબકા સાથ સબકા વિકાસ સૂત્રને ઘાટકોપરના બીજેપીના યુવા ઉમેદવાર પરાગ શાહે ખરેખર આત્મસાત કરી લીધું છે. કારણ કે તેમને કરોડો રૂપિયાના આસામી હોવા છતાં એ જાહોજલાલી છોડીને દેશની અને દેશની જનતાની સેવા કરવાનો નિરધાર કરવાનો માર્ગ તેમણે પકડી લીધો છે. ઘાટકોપરની જનતા સાથે રૂબરૂ થવા માટે પરાગ શહે પોતાની લકઝુરીયસ કારમાં ફરવાને બદલે સાઈકલ પર જઈને લોકો સાથે તાલમેલ સાધ્યો હતો. રાજપાટ છોડીને જેમ ભગવાને દીક્ષાનો માર્ગ અપનાવીને ધર્મનું જ્ઞાન વહાવ્યું હતું. એવી જ રીતે પરાગ શાહે પણ ઘાટકોપરવાસીઓની સેવા કરવા માટે પોતાની રાજગાદી છોડી દીધી છે. કોઈપણ કામ લીધું હોય કે એને પૂરું કેવી રીતે કરવું એની પૂરેપૂરી તકેદારી પરાગભાઈ પોતે રાખે છે. ધર્મે જૈન પરાગ શાહના ધાર્મિક અને આધ્યાત્મિક ગુરુ નમ્રમુનિ મહારાજ સાહેબ છે અને તેમના આશીર્વાદથી તેમણે રાજકારણમાં ઝંપલાવ્યું છે.

ઘાટકોપરની જનતાએ પરાગભાઈની સામે દેશના સૈનિકો માટે કરવાનું છે. મતદાન એવા તેમના મંતવ્યો છે તેમને હમણાં જ ૪૪ જવાનો પુલવામાં શહિદ થયેલા તેમનાં પરિવારોની સાથે રૂપિયા ૮૦ લાખનું દાન આપીને તે સહભાગી થયા હતા.

શ્રી પરાગભાઈ શાહ જેજેસી નોર્થ વેસ્ટના પ્રમુખ છે સાથે સાથે છેલ્લા બે વર્ષ પહેલાં ૨૦૧૭માં મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં નગરસેવક તરીકે ચૂંટાઈને આવ્યા છે તથા અત્યારે ૨૦૧૯ મહારાષ્ટ્રમાં રાજ્યસભાની ચૂંટણીમાં ઘાટકોપરના એરિયામાંથી ઊભા છે તો તેમને જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓ તથા દરેક સેન્ટર પદાધિકારીઓ તથા ભારતભરના ૭૦,૦૦૦ સભ્યોના આશીર્વાદ સાથે જ છે, દરેક સભ્યોના હાથમાં આ જાગૃતિ સંદેશ મેગેઝીન હાથમાં આવશે ત્યારે આપ ચૂંટાઈને અવ્યા જ હશો એવી જ અમારી જૈન જાગૃતિના દરેક સભ્યોદ્વારા શુભેચ્છા પાઠવીએ છીએ.

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ
# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ



જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી જિતેન્દ્રભાઈ કોઠારી, જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડના વાઈસ ચેરમેન શ્રી પ્રફુલભાઈ કામદાર, ડેવલપમેન્ટ સેક્રેટરી શ્રી સુનિલભાઈ શાહ, સેક્રેટરી શ્રી અનિલભાઈ દોશી, ખજાનચી શ્રી રાજેશભાઈ ગાંધી, શ્રી રાજેશભાઈ ભણશાલીની નિશ્રામાં.

જેજેસી નોર્થ વેસ્ટના પ્રમુખ શ્રી પરાગભાઈ શાહે જ્યારે ઘાટકોપર પૂર્વના વિધાનસભા ક્ષેત્રમાં ઉમેદવાર તરીકે નિમણૂક થયા ત્યારે તેમનું બહુમાન કર્યું હતું.

# Diwali Offer

Thee Boutique

Shop your style

FLAT OFFER 25%

FROM 19 OCT TO 31 OCT

Women's wear | Bag | Footware | Watches

Thee Boutique welcomes all the beautiful ladies to witness the finest collection of womens wear, bags, watches and footwear all under one roof. This monsoon let the rainbow shine in your wardrobe!!!

Contact : +91 981 999 8149 (Pratik khandhar)

Venue : Shop No.3, Mahaveer Bhavan, Valabh Baug Lane, Damji Shamji Chowk, Ghatkopar (East)

Advt.

# સમ્યગ્ દૃષ્ટિ મા

■ પૂ. આચાર્ય શ્રી કીર્તિયશસૂરીશ્વરજી મ.સા.

આપ્તની શરણાગતિ સ્વીકારીને તેમના મુખે પરમાપ્ત એવા અરિહંતનો ઉપદેશ સાંભળવો જોઈએ.' એ અરિહંત પરમાત્માનો ઉપદેશ તેમના કહેલા આગમમાં સમાયેલ છે. એ આગમ એટલે જ દ્વાદશાંગી. તેનું પરિજ્ઞાન ઈ પૂરેપૂરું જ્ઞાન મેળવવા માટે સઘળોય પ્રયત્ન કરવો જોઈએ. એ આગમનું પરિજ્ઞાન પામવું કાંઈ સહેલું તો નથી જ, પરંતુ વર્તમાનકાળના અલ્પજ્ઞ એવા આપણા પર પરમ ઉપકાર કરીને યુગપ્રધાન, સાધિકનપૂર્વી પૂજ્ય આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજે આગમ શ્રુતને ચાર વિભાગમાં વહેંચી દીધું. આ ચાર વિભાગ એટલે જ (૧) ચરણકરણાનુયોગ (૨) દ્રવ્યાનુયોગ (૩) ધર્મકથાનુયોગ અને (૪) ગણિતાનુયોગ.

પૂજ્ય આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજનું જીવન પણ જાણવા જેવું છે. સ્વયં બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હતા. 'દશપુર' નગરમાં રહેતું એમનું કુટુંબ આખું વૈદિક ધર્મને માનતું હતું, જ્યારે તેમની માતા 'રુદ્રસોમા' જિનમતની અનુયાયી પરમ સમક્તિ શ્રાવિકા હતાં.

નાની ઉંમરમાં જ તેમના પિતા 'સોમદેવે' તેમને કાશી ભણવા મોકલ્યા હતા. ત્યાં વર્ષો સુધી રહી ચૌદ વિદ્યાના પારગામી બનીને ઊગતી યુવાન વયે પોતાના વતનમાં તેઓ પાછા આવ્યા. નગરના રાજવી પટ્ટહસ્તી લઈને એમનું સ્વાગત કરવા ગયા. આખું નગર પણ સ્વાગત કરવા માટે ઊમટ્યું, રાજાએ એમને હાથીની અંબાડીએ બેસાડ્યા. સામૈયું આખી નગરીમાં ફરીને પછી રાજસભામાં આવ્યું. રાજસભામાં એમનું વિશિષ્ટ સન્માન-સત્કાર ને બહુમાન કરવામાં આવ્યું. સભામાં આખું ગામ હાજર હતું. આમ છતાં આ પ્રસંગે આર્યરક્ષિતની માતા હાજર ન હતી. આખું ગામ આર્યરક્ષિતને જોતું હતું, પણ આર્યરક્ષિત પોતે તો સભામાં પોતાની માને જ શોધતા હતા. ક્યાંય મા દેખાતી નહોતી. બાળપણથી જ એમની માએ એમને કેવું વાત્સલ્ય આપ્યું હશે કે, રાજસભામાં પણ તેમની આંખો 'મા'ને શોધતી હતી. આખું નગર છે, પણ મારી 'મા' કેમ નહિ? એ જાણવાની એમની ઇંતેજારી હતી. મન ક્યાંય લાગતું નહોતું. જેવી રાજસભા પૂરી થઈ કે તરત જ દોડતા ઘરે ગયા. 'મા' ક્યાં છે? એમ પૂછતાંપૂછતાં ઘરમાં ફરી વળ્યા ત્યારે એમની મા ઘરના ખૂણે સામાયિક લઈને સ્વાધ્યાય કરી રહી હતી.

આ ઘટનામાં આગળ વધતાં પહેલાં જરા તમે તમારી પરિસ્થિતિનો વિચાર કરી જુઓ! તમારો દીકરો અમેરિકા જઈ ભણી-ગણીને આવ્યો હોય ત્યારે જો સમાજે મોટો મેળાવડો યોજ્યો હોય તો તે વખતે એની મા સામાયિકમાં બેસી રહે એવું બને ખરું? આ બધી ઘટનાઓ સાથે તમારો કાંઈ મેળ મળે છે ખરો? આર્યરક્ષિતજીની મા તમારી દૃષ્ટિએ કેવી કહેવાય? અગર તમારો દીકરો આ રીતે ભણીને આવ્યો હોય ને એના સ્વાગતના અવસરે તમારી પત્ની સામાયિક લઈને બેસે તો તમે એને શું કહો? આટલું તમે તમારી જાતનું નિરીક્ષણ કરજો! હવે આપણે આગળ વધીએ. મા સામાયિકમાં છે, અડાય નહિ, એવું એ બરાબર જાણે છે એટલે એ દૂરથી જ માના પગમાં માથું મૂકતા હોય તેમ નમસ્કાર કરે છે અને ભીનાભીના અવાજે પૂછે છે કે, ''મા! આટલે દૂરથી આવ્યો છું, ઘણુંબધું ભણીને આવ્યો છું, આખા નગરે મારું સ્વાગત કર્યું. એક તું જ ન આવી? હું ભણીને આવ્યો તે તને શું ન ગમ્યું?''

જવાબમાં એની માએ કહ્યું કે, ''બેટા! ગામ તારી 'મા' નથી, તારી 'મા' તો હું છું. કેવળ હિંસામાં પ્રવર્તાવતા એવા કુશાસ્ત્રના પરિશીલનરૂપ અને પરિણામે દુર્ગતિમાં લઈ જનારી વિદ્યા ભણીને તું આવ્યો, તે તારી 'મા'ને કઈ રીતે ગમે?''

આર્યરક્ષિતજી જે વિદ્યા ભણીને આવ્યા હતા તે ભલે મિથ્યાત્વવર્ધક હતી, પણ નાસ્તિક્તાપોષક તો ન જ હતી. તેથી જ તેમનામાં સંસ્કાર ને લાયકાત જીવંત રહ્યાં છે. આજની વિદ્યા ભણેલો તો ફટ કહી દે કે, 'તને ન ગમે તો કાંઈ નહિ, તારું તું જાણે,' પણ આર્યરક્ષિતજીએ એવું ન કર્યું, તેમણે તો કહ્યું કે, 'મા! તો તું બોલ કે હું શું ભણું તો તને આનંદ થાય?'

મા બોલી - 'તું દૃષ્ટિવાદ ભણે તો મને આનંદ થાય.'

'એ મને કોણ ભણાવે?'

'તારા મામા દીક્ષિત થયેલા છે, આર્ય તોસલીપુત્ર તેમનું નામ છે. તું એમની પાસે જા! એ તને દૃષ્ટિવાદ ભણાવશે, પણ આ ભણવા માટે એટલું ધ્યાન રાખજે કે તેઓ તને જે કહે તે તું કરજે!'

એ મા જાણતી હતી કે, દૃષ્ટિવાદ એમ ને એમ ન ભણાય. એ માટે પહેલાં દીક્ષા લેવી પડે. આટલે દૂરથી દીકરો આવ્યો, વર્ષો પછી ભણીને આવ્યો ને તરત દીક્ષા લેવા માટે રવાના કરી દીધો? ન એને ખવડાવ્યું, ન પીવડાવ્યું! કાંઈ સમજાય છે? શ્રી આર્યરક્ષિતની 'મા' એ આદર્શ મૂર્તિ હતી. અહીં જેટલી મા બેઠી હોય, તે બધા માટે આ મા 'આરાધ્ય મા' બનવી જોઈએ.

# જીવનની બાર ધારાઓ

■ મહેન્દ્ર પુનાતર

**આ જગત અનિત્ય, અહીં કશું કાયમી નથી**

**સંસારની પ્રત્યેક વસ્તુ વિનાશી છે, એક ને એક દિવસ તેનો નાશ થવાનો છે, જગત પરિવર્તનશીલ છે. બધું ચક્રની જેમ ઉપર-નીચે થયા કરે છે. કોઈ કાયમના માટે આ ધરતી પર રહી શક્યું નથી. આજે આપણું જે કાંઈ છે તે કાલે બીજાનું થવાનું છે. આ બધા પ્રત્યે મોહ અને આસક્તિ રાખવાનું વ્યર્થ છે.**

જૈન ધર્મમાં બાર ભાવનાનું સવિશેષ મહત્ત્વ છે. ભાવ વિના ભક્તિ નહીં. અંતરમાં ભાવ ઊભો ન થાય તો જે પણ કાંઈ કરીએ તેનો અર્થ સરે નહીં. જીવન અને ધર્મને સમજવાની આ કળા છે. આ ભાવનાઓને વૈરાગ્યની જનની ગણવામાં આવી છે. તે જીવનમાં જેમજેમ દૃઢ થતી જાય તેમતેમ જન્મથી મૃત્યુ સુધીની યાત્રાનો ખરો અર્થ સમજાય છે અને જીવનની નશ્વરતાનો ખયાલ આવતો જાય છે. આ અંગેની સાચી સમજથી જીવનમાં પરિવર્તન ઊભું થાય છે. જ્યાં સુધી મોહ અને આસક્તિ છે ત્યાં સુધી દુન્યવી ચીજો પ્રત્યે આકર્ષણ ઊભું થતું રહેવાનું છે. આ ભાવનાઓના ચિંતનથી જીવન શુદ્ધ બને છે અને મોક્ષમાર્ગ તરફ જવાનો માર્ગ ખુલ્લો થાય છે. આ બાર ભાવનાઓ છે (૧) અનિત્ય (૨) અશરણ (૩) સંસાર (૪) એકત્વ (૫) અન્યત્વ (૬) અશુચિ (૭) આસ્રવ (૮) સંવર (૯) નિર્જરા (૧૦) લોક (૧૧) બોધિદુર્લભ અને (૧૨) ધર્મભાવના.

આપણે અહીં સર્વપ્રથમ અનિત્ય ભાવનાનો વિચાર કરીશું. અનિત્ય એટલે શું ? અનિત્ય એટલે જે ટકી શકે એવું નથી. જે કાયમી નથી. સંસારની પ્રત્યેક વસ્તુ વિનાશી છે. એક ને એક દિન તેનો નાશ થવાનો છે. અહીં કશું કાયમી નથી. જગત પરિવર્તનશીલ છે. બધું ચક્રની જેમ ઉપર-નીચે થયા કરે છે. અહીં અનેક રાજા, મહારાજાઓ, સમ્રાટો, સેનાપતિઓ આવ્યા અને ગયા. અનેક સંસ્કૃતિઓ, સલ્તનતો, રિયાસતો અને રજવાડાં આવ્યાં અને કાળની ગર્તમાં વિલીન થઈ ગયાં. કોઈ કાયમના માટે ધન, દોલત, સત્તા અને ઐશ્વર્ય ટકાવી શક્યું નથી.

આજે આપણું જે કાંઇ છે તે કાલે બીજાનું થવાનું છે. આ જીવનનું સત્ય છે. વસ્તુ હાથમાં રહેવાની નથી તો પછી તેનો મોહ શા માટે ? શરીર અને શરીર સાથે સંબંધ ધરાવતી બધી ચીજો અને વસ્તુઓ નાશ પામવાની છે. તેના પ્રત્યે આસક્તિ રાખવાથી છેવટે દુઃખ ઊભું થવાનું છે. જે ચીજ પ્રત્યે જેટલો મોહ ઊભો થશે તેટલું દુઃખ તેના ચાલ્યા જવાથી થશે. આ અંગેની પક્કડ પરેશાન કરશે. શરીર પણ ક્ષણભંગુર છે. તે જીર્ણ થશે અને અંતે નાશ પામશે, પરંતુ આ સીધી-સાદી વાત માણસના સમજવામાં આવતી નથી. પોતે કાયમના માટે આ પૃથ્વી પર રહેવાનો હોય એવી જંજાળ ઊભી કરે છે. સંચય કરતો રહે છે. ગમે તેટલું મળે તોપણ સંતોષ થતો નથી. કશું છૂટતું નથી. જીવન જેમ વીતતું જાય છે તેમ પરિગ્રહ વધતો જાય છે. ગમે તેટલું ભેગું કરીશું, તૃપ્તિ થવાની નથી. ઈચ્છાઓ અનંત છે. એક પરિપૂર્ણ થાય ત્યાં બીજી ઈચ્છાનો જન્મ થાય છે. ધન-દોલતમાં આળોટતા માણસોને પણ ઘણુંબધું ખૂટે છે. જીવન પૂર્ણતાના આરે આવે ત્યારે અપેક્ષાઓ વધતી જાય છે. માણસ બહુ દૂરનું વિચારે છે એટલે જે નજીકનું છે તે નજરમાં આવતું નથી અને ભોગવી શકાતું નથી. ભવિષ્યની ચિંતામાં હાથમાં રહેલું ઘણુંબધું ગુમાવી દેવાય છે.

જીવનમાં જે કાંઈ મળ્યું છે તેનો આનંદ માણવો જોઈએ અને આ અંગે સંતોષ થવો જોઈએ. જીવનમાં જે કાંઈ આવે તેનો સહર્ષ સ્વીકાર એ સુખ-દુઃખમાં સંતુલન ઊભું કરે છે. અનિત્ય ભાવનાનો બોધ એ છે કે ધન આવે, સંપત્તિ આવે, સત્તા આવે ત્યારે કોઈ પણ જાતનું અભિમાન રાખવું નહીં અને સમજવું કે આ બધું કાયમી નથી. એટલે તેનાથી જેટલું બીજાનું સારું થઈ શકે એટલું કરવું જોઈએ. આ જીવનની સાર્થકતા છે. જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. મૃત્યુ આવવાનું છે, પણ ક્યારે આવવાનું છે તેની ખબર નથી. ગમે તેવો મહારથી હોય, ગમે તેટલું ધન અને વૈભવ હોય, પણ મૃત્યુ સામે કોઈનું કશું ચાલતું નથી. કશું સાથે આવવાનું નથી. કબીરે જેમ કહ્યું છે તેમ...

જગત હૈ રૈનકા સપના, સમજ મન કોઈ નહીં અપના
કઠિન હૈ લોભકી ધારા, લહે સબ જાત સંસારા
ઘડા જ્યું નીરકા ફૂટા, પતા જ્યું ડાલસે તૂટા
એસી નર જાન જિંદગાની, સમજ મન ચેત અભિમાની

આ જગત સ્વપ્ન જેવું છે. આંખો ખૂલે અને સ્વપ્ન અદૃશ્ય થાય તેમ જીવન સંકેલાઈ જવાનું છે. ઘડો ફૂટે અને પાણી ઢોળાઈ

જાય, પાન સુકાઈ જાય અને ડાળી પરથી ખરી પડે પછી તેને મૂળ જગ્યાએ પાછું મૂકી શકાતું નથી. જિંદગી આવી છે. કાચના વાસણ જેવી. કોઈ ભરોસો નથી. આપણે વારાફરતી એકબીજાથી વિખૂટા પડવાના છીએ. આ બધા રાગ, દ્વેષ, પ્રપંચો, મારા-તારાના ઝઘડાઓનો કોઈ અર્થ નથી. માણસે મૃત્યુને નજર સમક્ષ રાખીને જીવનની પળેપળનો સદુપયોગ કરવો જોઈએ અને કોઈ પણ જાતનો અહંકાર મનમાં ન આવે તેનો ખયાલ કરવો જોઈએ.

મૃત્યુ સમયે મૃત્યુની પીડા હોતી નથી, પણ જિંદગીમાં જે કરવા જેવું હતું તે થઈ શક્યું નહીં, ઘણું બાકી રહી ગયું, તેની પીડા હોય છે. જેટલી મમત હશે એટલી પીડા વધુ થશે. સંસારમાં રહેવા છતાં અને બધું માણવા છતાં આ બધી વસ્તુઓથી જે નિર્લેપ રહી શકે છે તે સાચો સાધક છે. સંસારે આપણને બાંધ્યા નથી, આપણે ખુદ બંધાઈ ગયા છીએ. મોહમાયાનું આવરણ આમાંથી છટકવા દેતું નથી.

આપણને આવો મનુષ્યભવ મળ્યો છે તેનો સદુપયોગ થવો જોઈએ. જેને તનનું, મનનું અને ધનનું સુખ હોય તેમણે સત્કાર્યો માટે સમયની રાહ જોવાની જરૂર નથી. શરીર સશક્ત અને નિરોગી હોય, ઉત્સાહ અને ઉમંગ હોય, બળ અને સામર્થ્ય હોય ત્યાં સુધીમાં જીવનનો આનંદ માણી લેવો જોઈએ અને સત્કર્મોનું ભાથું બાંધી લેવું જોઈએ. દોષોને, કષાયોને, ખામીઓને, ઊણપોને દૂર કરતા રહેવું જોઈએ. દયા, પ્રેમ, ક્ષમા અને કરુણા એ જીવનના મંત્રો છે. મૈત્રી, ભાતૃભાવ, સહિષ્ણુતા, સહકાર જીવનને નવું બળ આપે છે. જીવનમાં ચેતના અને જાગૃતિ જરૂરી છે. મહાવીર ભગવાને હરપળે સાવધ રહેવા અને એક પળ પણ વ્યર્થ ન જવા દેવા બોધ આપ્યો છે.

જિંદગી ટૂંકી છે અને સમય ઓછો છે ત્યારે પ્રેમ અને આનંદને બદલે વેરઝેર, રાગ-દ્વેષ, ઈર્ષા, અદેખાઈ અને અસંતોષ રાખવામાં કોઈ ડહાપણ નથી. પ્રભુએ જે કાંઈ પણ આપ્યું છે તેમાં બની શકે તેટલું બીજાનું ભલું કરવું એ સાચો ધર્મ છે. સુખ-દુઃખ બધાને આવે છે. જીવેષણા છે ત્યાં સુધી આ બધી આપાધાપી ચાલુ રહેવાની છે. લાંબી જિંદગી મળ્યા પછી પણ કેટલાક ભોગવી શકતા નથી, કશું સાર્થક કરી શકતા નથી, જ્યારે કેટલાક સ્વામી વિવેકાનંદ અને શ્રીમદ્ રાજચંદ્ર જેવા પ્રજ્ઞ પુરુષોએ પોતાની ટૂંકી જિંદગીમાં જે કાંઈ કર્યું છે તે ચિરકાળ બની રહેશે. બાકી ગમે તેટલું જીવીએ તે વર્ષો ગણવાની વાત છે.

એક કથા છે. એક સમ્રાટનું મૃત્યુ નજીક આવ્યું. સો વર્ષનું આયુષ્ય પૂરું થયું, એટલે યમરાજ તેને તેડવા આવ્યા. ત્યારે સમ્રાટે કહ્યું: જીવનમાં હજુ હું કશું ભોગવી શક્યો નથી. મારે ઘણાં સુખો ભોગવવાનાં બાકી છે અને ઘણું કરવાનું રહી ગયું છે. હું તમારી સાથે કેવી રીતે આવી શકું ? આટલું આયુષ્ય તો બહુ ટૂંકું પડે.

યમરાજાએ કહ્યું: તારું આયુષ્ય પૂરું થઈ ગયું છે એટલે તારે મારી સાથે આવવું પડશે. સિવાય કે તારે બદલે બીજું કોઈ આવવા તૈયાર થાય. મારે કોઈને તો લઈને જવું જ પડશે. તારે બદલે તારો પુત્ર આવવા તૈયાર થાય તો તેનું આયુષ્ય તમને મળી શકે. સમ્રાટને ઘણી રાણીઓ હતી અને ઘણા પુત્રો હતા. કેટલાક પુત્રો તો ૭૦ની ઉંમરે પહોંચી ગયા હતા. સો વર્ષે બાપ મરવા તૈયાર ન થાય તો પુત્રો કેવી રીતે મરવા તૈયાર થાય, પણ સૌથી નાનો પુત્ર પિતા માટે બલિદાન આપવા તૈયાર થયો. યમરાજે તેને સમજાવ્યો કે તું શું કરી રહ્યો છે. તે તો કશું ભોગવ્યું જ નથી. તેણે કહ્યું: સો વર્ષમાં પિતાજી કશું ભોગવી શક્યા નથી તો હું શું ભોગવી શકવાનો છું.

આમ સમ્રાટને તેનું આયુષ્ય મળી ગયું. જ્યારેજ્યારે યમરાજનો સમય થતો ત્યારે સમ્રાટ પોતાના કોઈ એક પુત્રની જિંદગી માગી લેતો હતો. હજાર વર્ષ પૂરાં થયાં. યમરાજ આવીને ઊભા રહ્યા ત્યારે તેણે પાછી એ જ વાત કરી કે હજુ ઘણું ભોગવવાનું બાકી છે.

યમરાજે કહ્યું: હવે વધારે સમય નહીં મળે. એક હજાર વર્ષ પછી પણ તને એમ લાગે છે કે તું કશું ભોગવી શક્યો નથી. તો તને ગમે તેટલું આયુષ્ય મળશે તોપણ તને અધૂરું લાગશે. તારી ઈચ્છાઓનો કદી અંત આવવાનો નથી. થોડી જિંદગીમાં પણ માણસ ઘણું જીવી જાય છે. તારી જીવેષણા કદી પૂરી થવાની નથી. હવે તારે મારી સાથે આવ્યા વગર છૂટકો નથી.

જિંદગીમાં આપણને ગમે તેટલું મળે, તૃપ્તિ થતી નથી. આપણે હજારો વર્ષ અહીં રહેવાના હોઈએ તે રીતે બધી તૈયાર કરીએ છીએ, પરંતુ જે લાંબી યાત્રા પર જવાનું છે તેની કશી તૈયારી કરતા નથી. જીવનના અંત સુધી રાગ-દ્વેષ, માન, માયા, લોભ અને અહંકાર કશું છૂટતું નથી.

સંસારનાં આ બધાં સુખો ભ્રામક છે. બધું અનિત્ય છે. કશું લાંબો સમય ટકવાનું નથી. કશું સાથે આવવાનું નથી. આ વાત જો માણસને સાચા અર્થમાં સમજાય તો અનાસક્તિ ઊભી થાય અને મોક્ષમાર્ગે પ્રયાણનો માર્ગ ખૂલી જાય.

# વ્યક્તિત્વનો પાયો એટલે ઘર

■ જ્યોત્સના તન્ના

''તમારા પરિવારનું સરનામું સહિયારું
''દ્વારા'' થી ''દિલ'' સુધીનું સુંદર ને પ્યારું''

સ્મરણ અને વિસ્મરણ વચ્ચે સચવાયેલી યાદનું ઘર એટલે આપણા બાળપણનું ઘર અને એ જો ''વતન ઘર'' હોય તો તો પૂછવું જ શું ? દેશી નળિયામાંથી છાયેલું ઘર. મા તો જાણે આખાય ઘરમાં વ્યાપેલો સાક્ષાત્ ભેજ, ઘરને ઘેરી લેતી એના સાડલાની સોડમ હજીયે અખંડ છે. સંભારણામાં કાચી ભીંતો અને લીપાયેલા આંગણાવાળું એ ઘર, એક બાજુ ગાય ને બાંધવાની ગમાણ, તો બીજી જગ્યાએ મહેમાન માટે ઢાણેલો ઢોલીયો અને સવારે ચણવા આવતા પક્ષીઓ અને મુકાતું એમના પીવાના પાણીનું કુંડું, સિક્કા ઉપરથી ઉતરતું દહીં અને માટલીમાં વલોવાઈ થતું માખણ, ઘરના પાણિયારે જ્યારે મા માટલું ધોવે ત્યારે વેરાતું સંગીત અને ચકચકિત બેડાથી થતો વધારો, ઘરના રસોડામાં પ્રગટાયેલો ચુલો અને ટીપાતા રોટલાનો મ્યુઝિક અને આંગણામાં જ રમાતી ઘરઘરતાની રમત અને બોલતા મારે ઘેર અજવાળા રમવા આવ્યા. સાથે ચંદ્ર-સુરજને લાવ્યા અને આજે પણ ગુજરાતી કાવ્ય બહુ જ પ્રચલિત છે. ''હે જી તારા આંગણીયા પુછીને કોઈ આવે તો જાણે ''કલ્બ હાઉસ''ની ગરજ સારતા અને બધા સાથે મળી ગપ્પા ગોષ્ટી કરતા. આવી તો કેટલીયે વાતો છે. વતનના ઘરની ''આંગણું દે આવકારું એવું ઘર મને ગમે, બારણું બોલે પધારો એવું ઘર મને ગમે.''

બાળપણમાં બધાથી વધારે ગમતું ''મામાનું ઘર'' કહેવાતું મામાનું ઘર કેટલે દિવા બળે એટલે. રજાઓના દિવસોમાં બધા બાળકો એક ઘરે ભેગા થાય. મામા, માસી, ફુઈ, કાકા વગેરેના બાળકો હોય અને એ રમે પણ ખરા અને ઝઘડે પણ ખરા પરંતુ એ જે આત્મિયતા બંધાય એ જીવન પર્યંત અકબંધ રહે છે, પરંતુ હવે એ વેકેશનમાં મામાના ઘરનું સ્થાન 'સમર કેમ્પ' અને 'વેકેશન બેચો' એ લીધું છે અને કઝિન બદલે મિત્રોના ટોળા વધે છે.

હવે વાત કરવી છે. ''એક જ ઘરમાં અનેક ઘર જેમાં પરિવારના દરેક સભ્ય એક છત નીચે અલગ જિંદગી જીવે છે હવે તો કુટુંબના દરેક સભ્યની પોતાની અલગ દુનિયા અને અલગ મસ્તી હોય છે આ બધું છે એના એકલાના. પોતાના સ્વતંત્ર શયનખંડમાં. આપણા શહેરી કુટુંબોમાં મોભી કે વડીલો જેવું કાંઈ બચ્યું નથી. દરેક જણ પોતાને મોભી માને છે. પહેલા આપણે કહેતા વડીલો ઘરના તાળા કહેવાય અને એ ઘરમાં હોય એટલે ચાવી લેવાની જરૂર નહીં, પરંતુ હવે તો નાનું હોય કે મોટું, દિવસ આવે કે રાત્રે બધા પાસે મેન ડોરની પર્સનલ ચાવી હોય અને પોતાની રીતે આવે અને જાય પૂછપરછની દખલગીરી નથી ગમતી.

હમણાં જ વાંચવામાં આવેલું કે એક ઉદ્યોગપતિએ મોટું ઘર અને ફર્નિચર બનાવ્યા અને ૧૦ ખુરશીવાળો ડાઈનિંગ ટેબલ પણ બનાવ્યો, પરંતુ એને ઉપયોગમાં ન લેવાયો કારણ કે દરેકના રૂમમાં અલગ ટી.વી. હોવાથી સૌ પોતપોતાના રૂમમાં જમતા હતા. પરિવારને ઘરમાં એક તાંતણે બાંધી રાખતી ક્રિયા હતી તો એ હતી ભોજનની, પરંતુ હવે એ વ્યક્તિગત બની ગઈ છે.

કેટલાક ઘરો તો હવે હોટલ બની ગયા છે એક જ રસોડામાં માતા-પિતાનું મેનુ અલગ હોય. દીકરા-વહુઓનું મેનુ અલગ હોય અને બાળકોનું મેનુ અલગ હોય અને ઘરમાં જો કુક હોય તો તેને બધાને પૂછીને અલગ અલગ વસ્તુઓ બનાવી પડતી હોય છે. પહેલા ઘરની વડીલ સ્ત્રી હોય એ મેનુ નક્કી કરી લે અને એ જ રસોઈ નાના-મોટા સૌ જમી લેતા અને કહેવાય છે કે **''અન્ન જુદા એના મન જુદા''** એટલે જ ભલે રહેતા હોય એક જ છતની નીચે પરંતુ અલગની જેમ અને હવે તો ઘરોમાં ''જક્ક ઋક્ક''ના કનેકશનો એ તો બળતામાં ઘી હોમવા જેવું કાર્ય કર્યું છે અને બધા પોતાના સાધનોમાં મસ્ત રહે છે.

એક છોકરા છોકરીનું ઈન્ટરવ્યુમાં છોકરાએ પૂછ્યું: તને રાંધતા આવડે છે એણે હા પાડી. છોકરાએ પૂછ્યું કઈ ડિશ સારી બનાવે છે ? એનો પણ એણે જવાબ આપ્યો. છોકરાઓ પૂછ્યું: ફિલમો જોવી ગમે ? એનો જવાબ પણ હા આપ્યો. પછી તો રીતસરનો પ્રશ્નનો મારો શરૂ થયો. કયો હિરો ગમે ? શું ભાવે ? ક્યાં ફરવું ગમે ? છોકરી પણ બધા જવાબ આપતી ગઈ બીજી ઘણી વાતો થઈ ભવિષ્યની આયોજન મિત્રો વગેરે વગેરે. અને એક જ ઉલ્લેખ ન કર્યો છોકરાએ કે ન કર્યો છોકરીએ અને એ હતું કે આપણે ચાર દીવાલમાંથી ઘર કેવી રીતે બનવાશું ? કદાચ એટલે જ આજે વર્તમાન કાળે ''ઘરો'' તુટતા દેખાય છે અને છૂટા પડવાનું પ્રમાણ વધ્યું છે.

**અંતમાં: ઘર ચાહે કૈસા ભી હો લેકિન ઉસકે એક કોને મેં ખુલકર હસને કી જગહ રખના**

# જ્ઞાનપંચમી-જ્ઞાનના દીવડા પ્રગટાવો

■ હરીશ મહેતા

કારતક સુદ પાંચમ અન્ય સમાજ લાભપાંચમ તરીકે ઊજવે છે, જ્યારે જૈન સમાજ તે દિવસ જ્ઞાનપંચમની આરાધના સાથે ઊજવે છે. આ વરસે જ્ઞાનપંચમી ૨૮મી ઑક્ટોબર ને મંગળવારે ઊજવાશે. આ સપરમા દિવસને ધાર્મિક તહેવાર તરીકે ઊજવવા પાછળનો મુખ્ય હેતુ જીવનમાં જ્ઞાનના દીવડા પ્રગટાવવાનો રહેલો છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર્ય અને તપ એ ચાર મોક્ષ મેળવવાના પાયા છે. તેમાં જ્ઞાનને પણ ભક્તિ, તપ અને ચારિત્ર્ય જેટલું જ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

આ દિવસે મુખ્યત્વે પાંચ જ્ઞાનની આરાધના કરવામાં આવે છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનપર્યવજ્ઞાન તથા કેવળજ્ઞાન. આમ જ્ઞાનનું ગૂઢાર્થ મહત્ત્વ પૂ. આ. વિજયલક્ષ્મીસૂરિજીએ જ્ઞાનપંચમીના દેવવંદનમાં વિસ્તૃત રીતે સમજાવ્યું છે.

જ્ઞાનપંચમીએ જિનાલયમાં અથવા ઉપાશ્રય કે આરાધના ભુવનમાં પાંચ પુસ્તકો ઊંચાં બાજઠો પર મૂકીને તેની પર રૂમાલ મૂકીને વાસક્ષેપથી જ્ઞાનની પૂજા કરવામાં આવે છે. આમ યથાશક્તિ જ્ઞાનની આરાધના તપ સાથે કરવામાં આવે છે. આ ઉપરાંત મોટા ભાગનાં જિનાલયો તથા આરાધના ભવનોમાં ભાવિકો દ્વારા કાગળ-કલમ મૂકીને જ્ઞાનપૂજન કરવામાં આવે છે.

જ્ઞાનની આરાધના વિવિધ પ્રકારે થઈ શકે છે. જૈન શાસ્ત્રોમાં જ્ઞાનની સમજણ વિસ્તૃત રીતે આપવામાં આવી છે તેવી જ રીતે અજ્ઞાનની પણ વ્યાખ્યા કરવામાં આવી છે. અજ્ઞાન બે પ્રકારનાં સમજાવાયાં છે. એક તો કોઈ પણ માહિતી અથવા હકીકતનો અભાવ તો અજ્ઞાન છે જ, પણ વિપરીત બોધ પણ અજ્ઞાન છે, અર્થાત્ જે ચીજમાં સુખ ન હોય કે લાભ ન હોય તેને પણ સુખ માનવું કે લાભનાં દર્શન થવા તે પણ અજ્ઞાન જ છે.

જ્ઞાનપંચમીની આરાધનામાં એકાવન ખમાસણાં, એકાવન અક્ષતના સાથિયા, શ્રીફળ, સોપારી મૂકીને વિધિપૂર્વક પૂજન કરવામાં આવે છે. 'ૐ હ્રિં નમો નાણસ્સ' અથવા 'ૐ હ્રિં શ્રી વદ્ વદ્ વાગ્વાદિનિ સ્વાહા: નમો નાણસ્સ ● નમો સુવદેવયાએ શ્રી સદ્‌ગુરુદેવ જ્ઞાનલબ્ધિ પ્રગટાવો'ના ભાવપૂર્વકના જાપ કરવામાં ભાવિકનું ઈષ્ટ થાય તેમ માનવામાં આવે છે. વિશેષ કરીને વિદ્યાભ્યાસ કરતાં બાળકો-કિશોરો ને યુવાનોને આ માટે પ્રેરણા આપવી ઉત્તમ છે. જ્ઞાનપંચમીની આરાધનામાં જ્ઞાન સાથે ગુરુનું પણ મહત્ત્વ જોડાયેલું છે. આપણામાં કહેવત છે કે 'ગુરુ વિના જ્ઞાન નહી' એ રૂએ સુગુરુ મળવા અને તેમની પાસેથી જ્ઞાન મેળવવું એ પણ સુયોગ પુણ્યબળે જ મળે છે.

શ્રી જ્ઞાનપંચમીની આરાધના વિશે સુંદર લોકકથા જૈન શાસ્ત્રોમાં જણાવી છે. આ જ્ઞાનપંચમીની આરાધના કરીને વરદત્ત જે પદ્મપુર નગરના અજિતસેન રાજાના કુંવર હતા તથા ગુણમંજરી તે જ નગરમાં સાત કોટી સુવર્ણના માલિક સિંહદાસનાં પુત્રી, બંને શ્રેષ્ઠ મોક્ષપદ પામ્યાં. જ્ઞાનની વિરાધના કરવાથી પહેલાં અકલ્પ્ય દુઃખો ભોગવ્યાં અને પૂ. આ. શ્રી વિજયસેનસૂરિશ્વરજી પાસેથી તે અંગેનું નિવારણ જાણીને સુખો ભોગવીને મોક્ષપદને પામ્યાં. આમ જ્ઞાનપંચમીની આરાધના કરીને વરદત્ત તથા ગુણમંજરી વૈજ્યન્ત નામના અનુત્તરવાસી વિમાનમાં દેવ થયાં, જે પછીના ભવમાં કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયાં. જ્ઞાનપંચમીની આરાધનાથી સૌભાગ્યની વૃદ્ધિ થતી હોવાથી એને સૌભાગ્યપંચમી પણ કહેવાય છે. રાજાના કુંવર હોવા છતાં પૂર્વભવમાં તીવ્ર જ્ઞાનવરણીય કર્મ બાંધેલાં હોવાથી વરદત્તને જ્ઞાન ચઢતું નહોતું તેમ જ ગુણમંજરી પણ જન્મથી રોગી અને મૂગી હતી. આ બંનેએ ગુરુભગવંતની આજ્ઞા અને આદેશથી જ્ઞાનપંચમીની વિધિપૂર્વક આરાધના કરીને એ ભવ તો સુધાર્યો, પણ પછીના ભવે કેવળજ્ઞાન મેળવીને મોક્ષપદ પામ્યાં. આમ જ્ઞાનપંચમીની આરાધના ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક કરવાથી ખૂબ જ લાભદાયી રહે છે.

જ્ઞાનપંચમી અથવા સૌભાગ્યપંચમીની આરાધના આ પ્રમાણે કરવી. કારતક માસની સુદ પંચમીએ વિધિપૂર્વક ઉપવાસ કરવો. ઊંચા આસને પુસ્તકાદિ જ્ઞાનની સ્થાપના કરી પુષ્પો તથા વાસક્ષેપથી પૂજા-ધૂપ કરવાં. પાંચ દીવેટનો દીપક કરવો. પાંચ વર્ણનાં ધાન, પાંચ પ્રકારનાં પકવાન તથા પાંચ જાતિનાં ફળ મૂકીને એકાવન સાથિયા કરવા અને 'નમો નાણસ્સ' પદની ૨૦ નવકારવાળી ગણવી. જ્ઞાનનું ચૈત્યવંદન કરવું તથા ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ત્યાર બાદ યથાશક્તિ ઉજમણું કરવું.

જ્ઞાનપંચમીની આરાધના જૈન વરદત્ત અને ગુણમંજરીને ફળી તેમ તેના સર્વે આરાધકોને ફળે તેવી શુભભાવના સાથે સર્વે આરાધકો અને ભાવિકોને વંદન.

# શત્રુંજય તીર્થ અને ભાતું!

■ કુમારપાળ દેસાઈ

શત્રુંજય ડુંગર ઉપર પવિત્ર દેરા છે, દેરામાં દેવનો વાસ છે. સુંદર એવી પ્રતિમાઓ છે જેના દર્શન માત્રથી દુઃખ ટળે!

દેશ દેશથી યાત્રાળુઓ અહીં આવે છે. ઊંચો ડુંગર પગે ચાલીને ચઢે છે. કઠણ એનો ચઢાવ છે. ચઢતાં ચઢતાં હાંફી જવાય છે. વચમાં વિસામા છે. મીઠી હવા વહે છે. વચમાં પાણીના કુંડ છે. શીતળ જળની પરબો મંડાયેલી છે.

યાત્રી ડુંગર ઉપર પહોંચે છે. દર્શન કરે છે. ઉપર તો મજાની દેવનગરી જોઈ લો. ફૂલ મહેકે છે. ઝાલર છે. આરતી ઊતરે છે, સંગીત-નૃત્ય થાય છે, ગીત ગવાય છે.

યાત્રી થાક ભૂલી આનંદમાં આવીને ડોલવા લાગે છે. સ્તુતિ કરે છે, દાન કરે છે, દેવભૂમિમાં ફરે છે! ડુંગર ઉતરે છે. બે-અઢી માઈલનો રસ્તો કાપે છે. ધર્મનો આચાર છે કે ડુંગર ચઢતાં ખવાય નહિ, ઉતરતાં ખવાય નહિ. ડુંગર ઉપર તો મોંમાં કંઈ મૂકાય જ કેમ? થાક્યો-ભૂખ્યો યાત્રી નીચે આવી વડલાની છાંયમાં બેસી પગ પહોળા કરી દિલ લાંબુ કરી થાક ઉતારે છે.

પાસે શાંતિદાસ શેઠની શાંતિ-વાવ છે. ટોપરનાં પાણી જેવાં મીઠાં પાણી છે. યાત્રી પાણી પીએ છે. પણ નરણા કોઠે પાણી ભારે પડે - પેટમાં વાગે.

દુનિયામાં ભૂખ જેવું દુઃખ નથી, બીજાં દુઃખ એથી હેઠ,

દુનિયામાં અન્ન જેવું ઓસડ નથી, બીજા ઓસડ એથી હેઠ.

એકવાર શત્રુંજય ડુંગરની તળેટીમાં એક મુનિ બેઠા છે. તેઓના મનમાં આ વાત વસી ગઈ. એમણે ભુખના દુઃખને ટાળવા મહેનત કરી.

તેઓ વિચારે છે શ્રીમંત પૈસાવાળા યાત્રાળુ તો ગાડી ભાડે કરી ગામમાં પહોંચી રાંધીને રાખેલી રસોઈ જમે પરંતુ ગરીબ યાત્રાળુ શું કરે? એ ક્યારે પગે ચાલતો ગામમાં જાય? ગામ પણ ખાસું દોઢ માઈલ દૂર. ગામમાં જઈ ક્યારે સીધું સામાન લાવે, ક્યારે રાંધે અને ક્યારે જમે?

ભૂખનું દુઃખ આ મુનિના મનને રોજ પીડ્યા કરે. એવામાં એક બાળકને ભૂખે રડતા જોયો એના પિતા વડના ટેટા લાવ્યા.

પિતાએ બાળકને લાલઘૂમ ટેટા ખાવા આપ્યા. બાળક મીઠાઈની જેમ ખાઈ ગયો.

અરે! ભૂખના દુઃખ પાસે માણસ અને જાનવર સરખાં!

દયાળું મુનિનું હૈયું આ દેખાવ જોઈ હાથ ન રહ્યું એણે ભૂખનું દુઃખ ટાળવા પ્રતિજ્ઞા કરી.

એવામાં પાસે એક બંગાળી જૈન સુખી કુટુંબ હતું. મુનિશ્રીએ એ કટુંબના વડીલ નાહરજીને આ વાત કરી. ધનના ધણીને એનો મર્મ સમજાવ્યોઃ મુનિએ કહ્યું, જે કોઈ યાત્રા કરીને આવે એને ચણા સેવ - મમરા, સેવ-ગાંઠિયા જેવું કંઈક ભાતું આપો.

મુનિ મહેનત કરતાં જ રહ્યાં. ચપટી ચણા કે મૂઠી સેવ-ગાંઠિયાથી શું પેટ ભરાય? કંઈક ઠીકઠીક ભાતું મળે તો ઘેર જઈને તરત ખાવાના જંજાળ ઓછી થાય. નિરાંતે થાક ખાઈને સાંજે રંધાય.

કેટલાક શેઠીયાઓનું આ તરફ ધ્યાન ગયું તેઓએ

ફાળો કરી ઢેબરાનું ભાતું શરૂ કર્યું. આ સમયે અમદાવાદના નગરશેઠ હીમાભાઈ હતા. એકવાર તેઓ યાત્રા કરી પૂજા કરીને નીચે ઉતરી ગાડીમાં બેસવા જતા હતા ત્યારે મુનિએ પહોંચીને કહ્યું, શાસ્ત્રમાં સમાનધર્મી સાથેના ભોજનનું મહાપુણ્ય કહ્યું છે. પધારો તળેટીએ અને ભાતું જમો.

શેઠ સાચા અર્થમાં શેઠ હતા. ધર્મની આગળ તો શું રાય કે શું રંક!

નીચે ઉતરી વડલા નીચે જઈ ભાતું લેવા થાળી હાથમાં લીધી અને ભાતું વહેંચનાર પાસે જઈ થાળી લંબાવી ઢેબરું લીધું અને ત્યાં ખાવા બેઠા. અડધું ઢેબરું ખાધું ત્યાં થાકી ગયા. દાંતથી તૂટે જ નહિ. પેલા દયાળુ મુનિશ્રીએ ત્યાં પહોંચી કહ્યું: શેઠ! સેવ-ગાંઠિયાથી પેટ ભરાતું નથી, ને ઢેબરાંથી પહોંચાતું નથી. વળી ઢેબરાં ઘરડાં માણસો ચાવી શકતાં નથી. બાળકોને ભાવતાં નથી. આ માટે કંઈક કરવું ઘટે.

હીમાભાઈ શેઠ કહે, વાત સાચી છે. આ ભાતું આપવામાં અજબ પુણ્ય છે. થાકેલો - પાકેલો યાત્રી ખાઈને આશીર્વાદ આપે. તમે હવેથી એક મોટો લાડવો અને સાથે સેવ-ગાંઠિયા અપાવજો હું બંદોબસ્ત કરી દઈશ. તે દિવસથી લાડવા-ગાંઠિયાનું ભાતું શરૂ થયું. જે પ્રથા આજે પણ ચાલું જ છે. આજે પણ રાય કે રંક સહુ કોઈ આ બાતું લેવામાં ને જમવામાં પુણ્ય માને છે!

આ દયાળુ મુનિનું નામ કલ્યાણવિમલ! કોઈ અમર પટો લાવ્યું નથી. મુનિ કાળે કરીને ગુજરી ગયા પણ નામ એમનું અમર બની ગયું.

પાલીતાણા શહેરથી શત્રુંજયની તળેટીએ જતાં વચ્ચે આ મુનિની દેરી બનાવાઈ છે. આજે વડલો ઉખડી ગયા છે પરંતુ અમદાવાદના શેઠ લાલભાઈનાં માતુશ્રી ગંગાબા એ ત્યાં વિશ્રાંતિગૃહ બાંધ્યું છે. આજે આ વિશ્રાંતિગૃહમાં ભાતાં સાથે ચ્હા અને સાકરનું પાણી પણ આપવામાં આવે છે. યાત્રિકના તન-મનને અહીં વિસામો મળે છે.

ધન્ય છે એ માનવતાના બેલી મુનિ કલ્યાણવિમલને, જેણે થાક્યા પાક્યા યાત્રિકના હૈયાને વિસામો આપ્યો.

---

## જૈન જાગૃતિ સેન્ટરના નવા સેન્ટરો ખોલવા બાબત...

ભારતભરના તથા પરદેશમાં વસતા સમગ્ર જૈનોને એક છત્ર નીચે લાવી જૈનોનો સામાજિક તથા રાજકીય ક્ષેત્રે અવાજ બુલંદ બનાવવા જૈન જાગૃતિ સેન્ટરની નેમને વધુ સફળ બનાવવા આપણા ધ્યાનમાં કોઈ એવું ક્ષેત્ર હોય જ્યાં જૈનોની વસ્તી સારા પ્રમાણમાં હોય અને ત્યાં જૈન જાગૃતિનું કોઈ પણ સેન્ટર ન હોય તો આપને વિનંતી છે કે આપ ત્યાં સેન્ટર ખોલવા પ્રયત્ન કરો અને તે વિષે જૈન જાગૃતિ સેન્ટરની ઑફિસે જાણ કરો.

સંપર્ક: ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.
ફોન: ૬૬૯૭૩૦૩૮/૬૬૯૫૬૬૯૯

લિ. જનરલ સેક્રેટરી
જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ

# પાંચ પર્વનું શિરમોર પ્રકાશ પર્વ દીપોત્સવ

- પરેશ અંતાણી

દિવાળી એટલે રોશનીથી ઝળહળાં થતો તહેવાર અને જ્યાં આવા ઉત્સવ હોય ત્યાં ઉમંગ તો હોય જ. આવા જ વર્ષભરના ઉમંગ અને ઉત્સાહની પરાકાષ્ઠા એટલે પાંચ પર્વોના સમુહ સમાન મહાપર્વ એટલે પ્રકાશ પર્વ દીપાવલી, જ્યારથી આ સૃષ્ટિનો પ્રારંભ થયો, ત્યારથી પ્રકાશ અને અંધકારનું સત્ય અને અસત્યનું તથા જીવન અને મૃત્યુનું સતત દ્વંદ્વ ચાલતું રહ્યું છે. જેનું ઉત્તમ ઉદાહરણ એટલે દિવાળી. ખરી રીતે તે પાંચ પર્વોનો સમુહ છે, જેમ કે ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી, નૂતનવર્ષ અને ભાઈબીજ. આ પાંચેય મંગલમય પર્વોનું મહાત્મ્ય અલગ અલગ ચે. તો આવો આપણે તેને જાણીને સાચા અર્થમાં ઉજવીએ.

ધનતેરસઃ ધનતેરસનાં પવિત્ર દિને ધનની એટલે રોકડ રકમ કે સોના ચાંદીના દાગીનાની પૂજા નહીં, પરંતુ શાસ્ત્રોમાં ધનની દેવી લક્ષ્મી માઁનું પૂજન કરવાનું જણાવ્યું છે. ધનતેરસનાં સૂર્યોસ્ત પછી ધનકુેર અને દેવી લક્ષ્મીનું પૂજન કરવામાં આવે છે. જેનાથી ધન-સંપત્તિનાં દેવી લક્ષ્મીજીને રિઝવવાનાં છે. શ્રી લક્ષ્મીજી વિષ્ણુપત્ની, માતા સમાન છે. આ પર્વમાં લક્ષ્મી માતાને આદર આપી, નીતિપૂર્વક ધન-સંપત્તિ મેળવીને સદ્કાર્યમાં જ વપરાશ કરવો જોઈએ, આવી જ ભાવના આ પર્વ પાછળ રહેલી છે.

કાળી ચૌદશ : પુરાણકાળથી આપણે ત્યાં તંત્ર સાધનાનું મહત્ત્વ રહેલું છે. એમાંય અમાસની આ કૃષ્ણપક્ષની ચૌદશની રાત્રિએ તંત્રની સાધના માટેનો ઉત્તમ સમય ગણાયો છે. વાસ્તવમાં આ તંત્રવિદ્યા મેલી વિદ્યા નથી, પરંતુ માનવમનમાં પડેલી મલિનતાને દૂર કરવાની મંગલકારી વિદ્યા છે. જે અનિષ્ટ તત્ત્વોથી રક્ષણ મેળવવાની પ્રેરણા આપે છે. એક પૌરાણિક કથા અનુસાર શ્રીકૃષ્ણ, દ્વાપર યુગમાં, અનિષ્ટ નરકાસુરનો વધ કરીને તેની યાતનામાં રહેલી સોળ હજાર સ્ત્રીઓને મુક્ત કરાવી હતી.

દિવાળી : પ્રકાશ પર્વ દિવાળી એ જ્ઞાન-વિજ્ઞાનની દેવી માતા સરસ્વતીની પૂજા-અર્ચના કરવાનો પવિત્ર દિવ છે. સદ્ભાવ વગરનું જીવન પશુ સમાન છે, જો મનુષ્ય જ્ઞાન મેળવે તો જ જીવનની સાર્થકતા પ્રાપ્ત કરી શકે. આવા સદ્જ્ઞાનની પ્રાપ્તિ માટે આ દીપોત્સવનાં દિને દીપમાળા પ્રગટાવીને પ્રકાશમય પાવન વાતાવરણમાં સરસ્વતી દેવીની પૂજા થાય છે.

એક એવી માન્યતા છે, સરસ્વતી અને લક્ષ્મીજી બંને બહેનો હોવા છતાં તેઓ એક સ્થાન પર સાથે રહી શકતા નથી. ઉજાસનાં તહેવાર દીપાવલીનાં દિવસે મોટી બહેન માઁ સરસ્વતીને પ્રાર્થના કરવામાં આવે છે કે, 'હે માઁ શારદા'.

તમે સદૈવ સદ્‌લક્ષ્મી સાથે અમારા ગૃહમાં વાસ કરો. ત્યારે જ માઁની પરમકૃપાથી સદ્‌વિદ્યાથી આપણને અનેક દુષ્પ્રભાવોથી મુક્તિ મળે છે.

નૂતન વર્ષ : વિ. સ.નો આ મંગલકારી પ્રથમ દિન સૌને પરિવાર અને સમાજમાં સ્નેહપૂર્વક હળીમળીને રહેવાનો ઉત્તમ સંદેશો પાઠવે છે. નૂતન વર્ષનાં સુપ્રભાતે સમાજમાંના વેરઝેર ભૂલીને એકબીજા સાથે આદરપૂર્વક, સ્નેભાવથી ભાઈચારો કેળવવાની પ્રેરણા આપે છે. નવા વર્ષના પ્રારંભે જ નવા સુવિચારોથી જ નવ સુસમાજનું નવનિર્માણ થાય છે. આ મંગલકારી સૂર્યોદય સાથે પરમાત્માને પ્રાર્થના કરવામાં આવે છે કે 'હે પ્રભુ! અમને દરેક દિશામાંથી શુભ-મંગલ વિચારો પ્રાપ્ત થાય. અમારામાંથી દુઃભાવો હરીને અમારા હૃદયમાં સદ્‌વિચાર, સદ્ધર્મ, સદાચારનું પ્રસ્થાપન થાવ!'

ભાઈબીજ : આમ તો આ દિવસ ભાઈ-બહેનનાં સ્નેહનો ગણાયો છે, પરંતુ તે અર્થમાં સૂચન કરે છે કે પ્રત્યેક પુરુષે સ્ત્રીમાં અને સ્ત્રીએ પુરુષમાં બધું ભગિનીત્વની સાત્ત્વિક ભાવના કેળવીને આ દિવસ ઉજવવો જોઈએ. ભારતવર્ષની સંસ્કૃતિમાં નારીશક્તિ તરફ સન્માનીય દૃષ્ટિ કેળવીને તેમને સમાજમાં અને પરિવારમાં આદરણીય સ્થાન આપવાનો આ ભાઈબીજમાં ઉમદા હેતુ રચેલો છે.

તો આવો, આ દીપોત્સવી પર્વ પર ઉમંગ અને ઉત્સાહથી, સૌ જોડે દિપમાળાની હારમાળા પ્રગટાવીને પરમાત્માને સમુહમાં પ્રાર્થના કરીએ કે હે ઈશ્વર! અમને પ્રકાશ આપી. ઉજાસ સમયની રાહ દેખાડો, જેથી અમે અંધકારમાં અટવાતા અમારા ભાઈ-બહેનોને સાચા માર્ગ દોરીએ.

અંતમાં સર્વે સુજ્ઞ વાચકોને દિવાળી નૂતન વર્ષની શુભેચ્છાઓ!

# लोकाशाह जयन्ती
## महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

भगवान महावीर ने अषाढ सुदी पूनम से कार्तिक सुदी पूनम चार माह का काल, वर्षा ऋतु का काल बताया। इस काल में भगवान एक जगह रुक कर आराधना करते, वर्षा वास के समय अनेक जीवों की उत्पति होती है। उनकी हिंसा न हो इस हेतू चार माह में सन्तो को विहार करना निषेध बताया। कार्तिक सुदी पूनम को चौमासी पक्खी प्रतिक्रमण तक. दुसरे दिन विहार करने का कल्प बताया।

कार्तिक सुदी पूर्णिमा के दिन दस करोड आत्मा मोक्ष गामी बनी, ऐसा ग्रन्थों में उल्लेख मिलता है। भारत वर्ष में कार्तिक पूर्णिमा, अनेक पर्वो से जुडी है जैसे - तुलसी विवाह, देव दिवाली, गुरु नानक जयन्ती, लोकाशाह जयन्ती आदि। आज हम लोकाशाह के बारे में कुछ समझेंगे, वीर पुरुष क्रान्तिकारी लोकाशाह का जन्म कार्तिक पूर्णिमा को हुआ था। आप राजस्थान के रहनेवाले थे, कालान्तर में अहमदाबाद आकर बसे।

भगवान महावीर के शासन में पन्द्रहवी, पाट पर वज्रसेन स्वामी विराजे। वहाँ तक आगम लिपी बद्ध नहीं हुये थे, पात्र देखकर गुरु शिष्य को शास्त्र का ज्ञान सुनाते और शिष्य कंठस्थ कर लेते, यह परम्परा थी। किन्तु वज्रसेन स्वामी के समय एक घटना घटी। ५ + ७ = १२ बारह वर्ष का दुष्काल पडा, जो अतिभयंकर था। लोगों के पास पैसे की कमी नहीं थी, पर अन्न खाने को नहीं मिलता था। कहा जाता है, उस समय ७८९ साधुओं ने अन्न के अभाव में, एक साथ सन्थारा कर लिया, कुछ सन्त अनार्य देश में चले गये। कई सन्त दीक्षा से विमुख हो गये, ऐसे काल में धर्म को टिकाना मुश्किल हो गया। क्योंकि जो वस्तु नहीं होती, उसकी ज्यादा याद आती, यह संसार का नियम है। अन्न नहीं तो भूख ज्यादा लगती, भूख का अर्थ समझे। भू = पृथ्वी, ख = आकाश, पृथ्वी और आकाश को एक करने वाली भूख और इसे शान्त करने का उपाय सिर्फ अन्न।

उस समय एक गाँव में जिनदास सेठ रहते थे, उनके चार पुत्र थे, पुरा परिवार भूख से दु:खी था, क्या करे! सेठ को कोई रास्ता नहीं सूझ रहा था। क्योंकि बारह वर्ष से अकाल पडा हुआ था। अनाज के लिये लोग तरस गये थे। जिनदास सेठ ने उस जमाने में, सवा लाख रुपये में सवा सेर ज्वार, किसी के पास से खरीदी। यह ज्वार उन्हें बहुत अनुनय विनय के पश्चात् मिली। अब सेठ सोच रहे थे, पुरा परिवार और सवा सेर ज्वार और इसके बाद फिर क्यां करेंगे, इसी सोच ने उन्हें पागल बना दिया, जिनदास ने सवा सेर ज्वार की राब बनाई, और उस राब में जहर मिला दिया, तथा तय कर लिया की थोडी-थोडी राब परिवार के सभी सदस्य पी ले, और हमेशा के लिये सो जाये। जहर मिश्रित राब तैयार थी, उसी समय वहाँ वज्रसेन स्वामी गोचरी के लिये पधारे। जिनदास सेठ ने कहा, भगवन्त आपके योग्य आहार नहीं है। पूछने पर, जिनदास ने सबकुछ बता दिया, वज्रसेन स्वामी कहने लगे, आप आत्महत्या का बडा पाप कर रहे हो, इससे अच्छा होगा, आप अपने चारों पुत्रो को मुझे दे दो, इनको में अपना शिष्य बनाता हूँ। जिनदास मान गये और उनके चारों पुत्र वज्रसेन स्वामी के पास दिक्षीत हो गये।

उस समय वज्रसेन स्वामी ने कहा, कि मुझे गुरु ने ऐसा आभास कराया था, कि आप जब गोचरी जायेंगे, और वहाँ ऐसी स्थिति बनेगी, तो समझ

लेना दुष्काल का समय पुरा होनेवाला है, और वैसा हि हुआ। जिनदास ने वज्रसेन स्वामी के कहने पर जहर मिश्रीत आहार छोडा। चारों बेटों की दीक्षा हुई, और देखते ही देखते दुष्काल का प्रभाव समाप्त हुआ।

अब वज्रसेन स्वामी ने अपनी सभी सन्तो को एकत्र कर, समय को समझते हुये, शास्त्र लेखन की शरूआत की। उस समय ताड के पत्तों पर शास्त्रो को लिपी बद्ध किये, आगे चलकर ताम्र पत्र पर शास्त्र लिखे गये। कालान्तर में कागज का अविष्कार हुआ, और उन पर शास्त्र लिखे गये। किन्तु कागज भी प्रकृति के प्रदूषित वातावरण में अधिक चले नहीं, और दस पन्द्रह वर्षो में शास्त्र पुनःजीर्ण शीर्ण होने लगे। इस समय सन्तों में शिथीलाचार बडा हुआ था, और जैन धर्म यतियों के हाथ में चला गया था। इधर शास्त्रों को पुनः कागज के अच्छे पन्नों पर लिखना था, सन्तो में ऐसा कोई व्यक्ति नजर नहीं आ रहा था, जो शास्त्रों को पुनः लिपी बद्ध करें।

लोकाशाह उस समय अहमदाबाद रहते थे। एक बार उनके यहाँ गोचरी पधारे मुनि ने लोकाशाह के मोती जैसे अक्षर देख, उनसे कहा - आप हमारे शास्त्र जो जीर्ण-शीर्ण अवस्था में है, उन्हें पुनः कागज पर लिख दोगे क्या? लोकोशाह ने हाँ कर दी, अब लोकाशाह एक-एक कर आगम लिखने लगे, वे बहुत ज्ञानी और होशियार थे। लिखते-लिखते उन्हें आगमों का अर्थ समझ में आ रहा था, और साथ ही सन्तो का आचरण भी वे प्रत्यक्ष रुप से देख रहे थे। यहाँ दोनों में अन्तर दिख रहा था। उन्होंने सोचा इन ग्रन्थों की मुझे और मेरे देश को बहुत जरूरत है, तब उन्होंने सन्तों के लिये बिना किसी दोष लगाये, दिन में आगम लिखे, और अपने लिये उनकी एक प्रति रात में तैयार की। कुछ समय पश्चात् मुनि पुनः पधारे, एवँ लोकाशाह से कहने लगे, हमारा काम हो गया है क्या? आगम तैयार है, उन्होंने कहा - हाँ, और तुरन्त घर में आवाज लगाई, मुनि पधारे है, उनके लिये, जो आगम लिखे है, वो ले आओ। अन्दर से आवाज आई, कौन सी प्रति लाऊँ? दिन वाली या रात वाली। लोकाशाह ने दिन वाली प्रति मँगवा ली। मुनि कहने लगे, यह दिन वाली और रात वाली क्या है? तब उन्होंने खुलासा किया, आगम लिखते-लिखते उनका अर्थ में समझ रहा था, ज्ञात हुआ, भगवान महावीर ने क्या कहा? और आप क्या कर रहे हौ? इसलिए मैंने अपने लिये एक प्रति रात में बनाई।

मुनि सारी बात समझ गये। उन्होंने देखा श्रावकों के सामने अब हमारी पोल खुल जाएगी. तब उन्होंने लोगों में इस तरह की भ्रान्ति फैलाई की ''पडे सुत्र तो मरे सुत''। बस लोकाशाह जागृत हो गये थे, और उन्होंने सही धर्म लोगों के सामने रखने का निश्चित कर लिया था। दो लाख लोगों को सही धर्म का बोध कराया, अनेको ने दीक्षा ली, लोकाशाह भी दिक्षीत हुये, उस समय वे निन्यानवे सन्त के साथ विचरण करने लगे। उनमे से पाँच आचार्य बने, और उन आचार्यों की परम्परा आज स्थानकवासी जैन समाज में विद्यमान है।

लोकाशाह क्रान्तिकारी थे। उन्होंने जैन धर्म का सत्य स्वरूप लोगों के सामने रखा था। इस वजह से कुछ लोग उनके खिलाफ थे, जब वे राजस्थान के अलवर में विराज रहे थे। उन्होंने वहाँ तेले तप की आराधना करी, किसी गृहस्थ के यहाँ से उन्हें काँच मिश्रीत आहार, जो जहर बन चूका था, मिला। उस आहार से उनकी मृत्यु हो गयी। आज हमारे पास जैन धर्म के नाम जो कुछ है, वह लोकाशाह की देन है। उन्होने इस धर्म को यहाँ तक पहुँचाने में, क्रान्तिकारी कदम उठाये थे। आज हम जैन धर्म में रहकर धन्यता का अनुभव करते है, उसका श्रेय लोकाशाह को जाता है। जिनका जन्म कार्तिक सुदी पूनम को हुआ था, इसलिये इस पूर्णिमा का, हमारे जीवन में विशेष स्थान है।

# સુંદર અક્ષર - સારી કેળવણીનું પ્રથમ સોપાન

મહાત્મા ગાંધી ઘણું ભણ્યા પણ તેમને એક વાતનો સદાય અફસોસ રહેતો તેઓ સારા અક્ષરે લખી નહોતા શકતા. ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે તેવું તેઓ વારંવાર કહેતા અને તેમની આત્મકથામાં પણ એ વાત દોહરાવી છે.

ખૂબ ભણેલા ડોક્ટરોના અક્ષરો મેડીકલની દુકાનવાળો જ વાંચી શકે તેવી મજાક ખૂબ ચગી છે. ડોક્ટરો પોતાના પ્રેમ પત્રો અન્યો પાસે લખાવતા અન્યથા તેમના લખેલા પત્રો વંચાવવા માટે પત્નીઓએ દવાની દુકાનના ફાર્મસીએ મદદે આવવું પડતું.

હસ્તલિખિત પ્રતો દ્વારા આપણા શાસ્ત્રોની ઉત્પતિ થઈ. શિક્ષણ, મન અને લેખનનો સુંદર સમન્વય એટલે સારું અને સ્પષ્ટ સુવાચ્ય હસ્તલેખન. બેશક હસ્તલેખન એક કળા છે જેની નિપુણતા માટે બાળપણથી જ સતત મહાવરો જરૂરી છે. આવા મહાવરાને કારણે જ વ્યક્તિમાં સારા હસ્તલેખનની ટેવ પડે છે.

દાસબોધ ગ્રંથ બ્રહ્મવિદ્યાનું નિરૂપણ કરતો ગ્રંથ છે. વિદ્યાર્થીઓ જ નહિ પણ તમામ વ્યક્તિઓમાં લેખન-કળા કેટલી ઉપયોગી છે. તેની વાત ખૂબ જ સરળ શબ્દોમાં સમજાવી છે.

લખનારે દેવનાગરી લિપિના અક્ષરોનો અભ્યાસ કરીને પોતાનું હસ્તલેખન એવું સુંદર બનાવવું જોઈએ કે જેને જોતાં જ વિદ્વાનો ખુશ થઈ જાય. અક્ષરો ગોળાકાર, સીધા અને સમાન અંતરે લખેલા હોવા જોઈએ. અક્ષરોની લાઈનો એટલી સુંદર હોવી જોઈએ કે જાણે ગળામાં મોતીની માળા પહેરી હોય. ગુજરાતી અક્ષરોમાં અંતીમ મરોડ પણ હસ્તલેખનને સુંદર બનાવે છે. બધા અક્ષરો એક સરખા અને એક જ શૈલીથી લખાયેલા હોવા જોઈએ.

તાજેતરમાં જ એક જૈન ટ્રસ્ટ દ્વારા કલ્પસૂત્ર ગ્રંથ હસ્તલિખિત બનાવવા માટે ડઝનેક લહિયાઓની મદદ લેવામાં આવી. અતિપ્રાચીન વ્યવસ્થા પ્રમાણે જ હેન્ડ મેઈડ પેપરની વ્યવસ્થા કરવામાં આવી. એ જ રીતે શાહી બનાવવા માટે પણ પ્રાચીન પદ્ધતિની સહાય લેવામાં આવી. આ લહિયાઓની બેઠક અને લખવાની વ્યવસ્થા તો ઠીક પણ તેમનો પહેરવેશ અને ભોજન પણ પરંપરાગત પદ્ધતિએ વિકસાવવામાં આવ્યો. આ લખનારે સ્વયંની હાજરીમાં આ લહિયાઓની હસ્તલેખનની કળાને નિહાળીને તાજ્જુબ્બ થઈ જવાયું છે.

બધા જ અક્ષરો એક સરખા, એટલે સુધી કે આડી માત્રા, ઉભી માત્રા સર્વે સમાન અને બરોબર અપાયેલા હોવા જોઈએ. લખાણની શરૂઆતથી માંડીને અંત સુધી એક જ સરખા અક્ષરો. બાળપણમાં જ શિક્ષણની શરૂાતથી જ બાળકના મનમાં સુંદર, સ્પષ્ટ લખાણનું મહત્વ અંકિત થઈ જવું જોઈએ. અક્ષરો એટલા સુંદર હોવા જોઈએ કે વાંચનાર લખનાર અને લેખન પર મોહિત થઈ જવો જોઈએ.

હાલની શિક્ષણ વ્યવસ્થામાં સુંદર અક્ષરો શીખવા માટે બુક દરેક ભાષાની મળે છે. ડબલ લાઈનની નોટબુક અથવા ચાર લાઈનની નોટબુકમાં વિધિસર પ્રયત્નો કરાવવામાં આવે તો નાનપણથી બાળકમાં ચીવટ અને કાળજી આવે. કોઈ ખાસ વિશેષ ખર્ચ વગર આ કળા શીખવાને માણવા જેવી છે. આ ઉપરાંત સારી કલમો પેનો હવે ખૂબજ સસ્તા દરે બજારમાં મળે છે. આપણી જ્ઞાતી તથા યુવક મંડળ તરફથી પણ બાળકોને સારી નોટબુકો અને સ્ટેશનરી નિઃશુલ્ક આપવામાં આવે છે.

હસ્તલેખન માટે પણ પદ્ધતિસરની બેઠક, આસન અને લેખન સામગ્રીઓ જોઈએ. આપણે સૌએ મહાભારતની રચના કરતા વ્યાસ મુનિ તથા ગણેશજીનો ફોટો જોયો છે. એક મહાન રચનાને રચતા પૂર્વે જેમ વ્યવસ્થાને માનસિક દ્દઢતા જોઈએ તેવું જ નાની રચના માટે પણ છે. ચાલો ત્યારે આપણે સુંદર, સ્પષ્ટ અને સુવાચ્ય લખાણ માટેના પ્રયત્નો કરીએ એટલું જ નહિ એ જ સંસ્કાર આપણા વારસદારોને પણ આપીએ.

*- સાભાર*

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | દેવાંગ એચ. શાહ, ૨૪-૧૨-૧૯૮૨, ૫'-૨''<br>Bcom – | જૈન વિશા. ઓસવાલ દેરાવાસી<br>ગુજરાત - મુંબઇ | (મો) ૯૯૨૦૫૮૭૫૯૮<br>(મો) ૯૮૧૯૨૩૯૬૨૯ |
| ૨) | પ્રણવભાઇ નરેશભાઇ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫-૭'<br>Bcom - સર્વિસ (છુટાછેડા) | દેરાવાસી શ્વે. મૂ.વિ.ઓ.જૈન<br>પાલનપુર-બોરીવલી | (મો) ૯૩૨૦૮૭૪૯૧૧<br>(મો) ૮૨૯૧૩૮૩૮૭૮ |
| ૩) | મયંક રમેશભાઇ શાહ, ૧૫-૮-૧૯૮૮, ૬'-૩''<br>B.E. Engineering (નોંધઃ હાથમાં તકલીફ છે) | વાગડ વિશા ઓસવાલ જૈન દેરા.<br>આધોઇ-કચ્છ | (મો) ૯૭૬૯૨૮૦૮૫૦<br>(મો) - |
| ૪) | વિદિત રાજેશકુમાર શાહ, ૨-૧-૧૯૮૮, ૫'-૧૦''<br>B.Tech., M.B.A. (Insurance)– (છુટાછેડા) | શ્રી વીસાશ્રીમાળી દેરાવાસી જૈન<br>અમદાવાદ | (મો) ૯૪૦૮૨૮૦૮૧૬<br>(મો) ૯૮૭૯૪૦૮૨૮૭ |
| ૫) | નકુલ અશોક સવાણી, ૨૦-૩-૧૯૮૭, ૫-૬'<br>B.M.S. M.Com - સર્વિસ | જૈન દેરાવાસી<br>પંથવાડા - મુંબઇ | (મો) ૯૮૨૦૧૭૫૨૪૮<br>(મો) ૯૮૧૯૩૮૦૦૮૩ |
| ૬) | આકાશ રમેશચંદ્ર શાહ, ૧૫-૩-૧૯૭૫, ૫'-૮''<br>BEIT.,Engg. - સર્વિસ (છુટાછેડા) | દેરાવાસી જૈન<br>ગુજરાત- સી.એ., યુ.એસ.એ. | (ઘર) ૯૩૭૫૭૧૫૩૨૯<br>(મો) - |
| ૭) | સમીર મેઘાણી, ૧૬-૭-૧૯૭૩ ૫'-૯ ૧/૪''<br>PGDMM., B.E. - બિઝનેસ (છુટાછેડા) | જૈન સ્થાનકવાસી<br>બરોડા - ગુજરાત | (ઘર) -<br>(મો) ૯૮૨૫૧૬૭૨૫૬ |

## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | જલ્પા જયકાન્તભાઇ શાહ, ૨૨-૧-૧૯૮૫ ૫'-૪''<br>બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૯૩૨૩૩૩૪૩૦૭<br>(મો) ૯૮૨૦૦૪૧૦૭૧ |
| ૨) | મૈત્રી શૈલેષ મહેતા, ૨૪-૧-૧૯૮૯, ૫'<br>BBI, Mcom (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈના<br>સાવરકુંડલા - ગોરેગાંવ | (મો) ૯૬૬૪૯૪૩૪૩૩<br>(ઘર) - |
| ૩) | ઝંખના ગિરીશભાઇ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'- ૩''<br>B.Com, C.A. | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) ૦૨૨૨૧૬૪૩૯૫૪<br>(મો) ૯૮૬૯૪૮૩૯૫૪ |
| ૪) | ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>M.Com, Business (નોંધઃ લગ્ન મુંબઇમાં જ કરવા છે) | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ<br>કઠોર (સુરત) - ઘાટકોપર (ઇ) | (ઘર) -<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૫) | પારૂલ કનુભાઇ વોરા ૨૮-૭-૧૯૭૧, ૫'-''<br>M.Com. | વિશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>જામનગર - કાંદિવલી | (ઘર) ૯૯૮૭૩૭૫૮૩૧<br>(મો) - |
| ૬) | શિલ્પા કનુભાઇ વોરા, ૧૨-૪-૧૯૬૯, ૪'-૧૧''<br>B.Com. (છુટાછેડા) | વિશાશ્રીમાળી દેરાવાસી જૈન<br>જામનગર - કાંદિવલી | (ઘર) -<br>(મો) ૯૯૮૭૩૭૫૮૩૧ |
| ૭) | મેઘા પરેશ શાહ, ૧૯-૧૦-૮૭, ૫'-૭''<br>B.Com. MBA (Finance) (મંગળ છે) | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) ૨૧૬૪૧૨૯૫<br>(મો) ૯૮૨૧૦૪૧૫૨૦ |
| ૮) | દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૭૬, ૫ -૨'<br>S.S.C. (મંગળ-શનિ હળવો છે) | શ્રી સુરત વિશા ઓસવાલ જૈન દેરાવાસી<br>સુરત - અંધેરી (ઇ) | (ઘર) -<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બૉર્ડ
જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બૉર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ
ના પદાધિકારીઓ વતી

આપ સર્વેને દિવાળી પર્વની શુભકામના,
નવું વર્ષ આપને અને આપના પરિવારને
સુખ, શાંતિ, સમૃદ્ધિ, ઐશ્વર્ય અને તંદુરસ્તી
અર્પે અને સર્વાંગી સુંદર બની રહે તેવી શુભકામના



Sanjay B. Shah
Chairman

## JJC CENTRAL BOARD OFFICE BEARER

### Sanjay B. Shah - Chairman

| | | | |
|---|---|---|---|
| Ramesh J. Morbia | P. Chairman | Anil G. Doshi | Secretary |
| Praful V. Kamdar | Vice Chairman | Vijay H. Mehta | Secretary |
| Pravin A. Shah | Vice Chairman | Sunil P. Shah | Devp. Secretary |
| Kishor S. Sheth | Secretary General | Rajesh C. Gandhi | Treasurer |
| Jayanti K. Chhadva | Secretary | Rajesh R. Bhansali | Treasurer |
| Uday D. Sanghvi | Secretary | Chandrakant F. Shah | Editor |

## JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

### Jitendra S. Kothari - Chairman



Jitendra S. Kothari
Chairman

| | | | |
|---|---|---|---|
| Kishor N. Shah | I.P. Chairman | Shailesh D. Shah | Trustee |
| Ramesh J. Morabia | Vice Chairman | Rajesh R. Bhansali | Trustee |
| Sanjay B. Shah | Vice Chairman | Dharmesh S. Jain | Trustee |
| Praful V. Kamdar | Secretary | Chandrakant F. Shah | Trustee |
| Amit D. Kothari | Secretary | Uday D. Sanghvi | Invitee |
| Hasmukh K. Dedhia | Treasurer | Rasik N. Kothari | Invitee |
| Pravin G. Shah | Donor Trustee | Dinesh V. Shah | Invitee |
| Kalesh C. Shah | Donor Trustee | Kiran H. Shah | Invitee |
| Harshad J. Gandhi | Permanent Trustee | kirti K. Shah | Invitee |
| Anil G. Doshi | Trustee | Mukesh C. Shah | Invitee |
| Kishor S. Sheth | Trustee | Mahendra P. Shah | Invitee |
| Rajesh C. Gandhi | Trustee | **Ramesh G. Lakhani** | Invitee |
| Jayanti K. Chhadva | Trustee | | |

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26 Every Month
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2019-2021


# જે જે સી જુહુ બીચ

## જે જે સી જુહુ બીચનો એક નમ્ર પ્રયાસ

## Match Making

આજના આધુનિક *Digital Marketing* ના જમાનામાં
ઉત્પન્ન થયેલી વિકટ સમસ્યા એક સરખી વિચારસરણી ધરાવનારા એટલે...

## Perfect Match જીવનસાથીની શોધ



Life Partner

રજીસ્ટ્રેશન સમય : સવારે ૧૧ થી સાંજે ૬-૦૦ સુધી સોમવાર થી શનિવાર (જાહેર રજા - રવિવાર સિવાય)

| કિર્તીભાઈ શાહ | વિનોદભાઈ કપાસી | ભરતભાઈ મહેતા | જીતુભાઈ કોઠારી |
|---|---|---|---|
| 93230 41653 | 98204 14472 | 98335 15055 | 98210 12321 |

### જે જે સી જુહુ બીચ

૨૦૧, ૨જે માળે, એમ.એલ. સ્પેસ બિલ્ડીંગ, મેક ડોનાલ્ડની સામે, ડી.જે. રોડ,
જૈન મંદિરની પાસે, સ્ટેશન રોઠ, વિલેપાર્લા (વે), મુંબઈ - ૪૦૦ ૦૫૬.


Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE**, Printed at **ARIHANT PRINTING PRESS**, Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg., Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**

Advt